Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક નં. ૭૫
સને
૧૯૭૭
વીર સં.
૨૪૪૪

# શ્રી આત્માનંદ પ્રકાશ

## વાર્ષિક ફાઈલ

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ.

( પુસ્તક-૧૬ મું. )

પુસ્તક-૧૬ મું. વીર સંવત. ૨૪૪૪-૪૫. આત્મ સંવત. ૨૩-૨૪ અંક ૧૨.

" सेव्यः सदा सद्गुरु कल्पवृक्ष. "

नैर्मल्यंमानसं च स्वपरहितकृते जायतेसत्प्रवृत्तिः

शुद्धं सम्यक्त्वरत्नं गुणगणकिरणैर्भासितं प्राप्यते यत् ।

शुध्धो ज्ञानानुरागो गुरुचरणरतिर्लभ्यते चापि पूर्णा

आत्मानंद प्रकाशे प्रसरति हृदये दुर्लभं किं जनानाम् ॥१॥

પ્રગટ કર્તા.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

વીર સંવત. ૨૪૪૪-૪૫. આત્મ સંવત. ૨૩-૨૪. વિક્રમ સંવત. ૧૯૭૪-૭૫.

વાર્ષિક મૂલ્ય. રૂા. ૧-૦-૦ ( પોસ્ટેજ ચાર આના. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૫૨ અન્યોક્તિ સપ્તક. ( પદ્ય ) ( ષડ્ગુણ ) ૧૭૭
૫૩ જ્ઞાતિ સંસ્થા વિશે વિચારણીય મુદ્દાઓ. ( માવજી દામજી શાહ ) ૧૭૮
૫૪ લગ્નાદિ પ્રસંગે અપીલ. ( શ્રી ય૦ જૈન ગુરૂકુળ સેક્રેટરી ) ૧૮૪
૫૫ જીવાનુશાસ્તિ કુલક વ્યાખ્યા ( મુગ્ધ જીવને ખાસ બોધદાયક )
મુનિ શ્રી ક૦ મહારાજ. ૧૯૦
૫૬ સત્ય મિત્રતાનું સ્વરૂપ. ( વિ૦ મૂ૦ શાહ બી. એ. ) ૧૯૧–૨૧૫–૨૪૩
૫૭ આત્મોપદેશ. ( પદ્ય ) ( ષડ્ગુણ ) ૧૯૭
૫૮ જૈન સેવક સમાજની યોજના. ( શાહ માવજી દામજી. ) ૧૯૮
૫૯ અમારી સૂચના અને નોંધનો સત્કાર. ૨૦૬
૬૦ મારવાડમાં એક શુભ પગલું તથા મરૂ મહોદય. (સાદડીના જૈનબંધુ.)
૨૦૭-૨૦૮–૩૧૯
૬૧ અભ્યાસની ઉમ્મર કઇ ? ( એક હિતેચ્છુ. ) ૨૧૦
૬૨ વીરધર્મની સ્તુતિ. ( પદ્ય. ) ૨૧૧
૬૩ પુણ્ય પાપ કુલક વ્યાખ્યા. ( મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજ. ) ૨૧૪
૬૪ દુર્જન સ્વભાવ. (પદ્ય) ( ષડ્ગુણ. ) ૨૨૧
૬૫ જૈન બેંક સ્થાપવાની અગત્ય. ( શાહ માવજી દામજી. ) ૨૨૨
૬૬ વિશ્વમાં આત્માનું સ્થાન. ( ફતેહચંદ ઝવેરભાઈ. ) ૨૩૨
૬૭ સાયંકાલે વનશ્રી. (પદ્ય) ( ષડ્ગુણ. ) ૨૩૯
૬૮ ઈન્દ્રિયાદિક વિકાર નિરોધ કુલક વ્યાખ્યા. (મુનિશ્રી કર્પૂરવિજયજી મ૦) ૨૪૦
૬૯ ઇરિયાવહીય કુલક વ્યાખ્યા. ,, ૨૪૧
૭૦ જૈન કોમમાં સ્ત્રી કેળવણીની જરૂર. (સારાભાઇ મોહનલાલ દલાલ.) ૨૪૪
૭૧ શ્રીમદ્ આનંદઘનજીના એક પદનો અનુવાદ. (ફતેહચંદ ઝવેરભાઈ.) ૨૪૯
૭૨ મનુષ્યની બાલ્યાવસ્થા. ,, ૨૫૦
૭૩ સમાજ ઉન્નતિ માટે સમયે સમયે ફેરફાર કરવાની જરૂર છે ?
( એક સમાજ સેવક. ) ૨૫૪
૭૪ કચ્છી–કાઠિયાવાડી અને ગુજરાતી બંધુઓ અને બ્હેનોને હિતના
બે બોલ. ( મુ૦ ક૦ મહારાજ. ) ૨૭૦
૭૫ વ્યક્તિગત્ આકર્ષણ શક્તિ. ( વિઠ્ઠલદાસ મુળચંદ બી. એ. ) ૨૭૩
૭૬ સુખીયાને સુખી જીવન ગુજારવાનાં કારણો. (વકીલ નંદલાલ લલ્લુભાઇ.) ૨૭૭
૭૭ જૈન સાહિત્યનો પ્રચાર કયા ધોરણે કરવો જોઈએ ?
( માસ્તર દુર્લભજી કાળીદાસ. ) ૨૮૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૭૮ બોધક સૂત્રો. ( વિ૦ મુ૦ શાહ. ) ૨૮૯–૩૦૯
૭૯ પંડિત બેચરદાસને સૂચના. (વ્યા૦ વા૦ મુનિ શ્રી લબ્ધિવિજયજી. ) ૨૯૨
૮૦ શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરનો ચોવીશમો વાર્ષિક મહોત્સવ અને જયંતિ. ૨૯૩
૮૩ નિરોગી જીવન ગાળતાં આપણે કયારે શીખીશું ? ( મુ. ક. મ. ) ૨૯૮
૮૪ સમજ શક્તિની બક્ષીશ. ( વી. મૂ. શાહ. બી, એ. ) ૩૦૧
૮૫ પુસ્તક ( પદ્ય ) ( શામજી લવજી. ) ૩૦૬
૮૬ જૈનકોમમાં આરોગ્યની આવશ્યકતા. (સારાભાઇ એમ. દલાલ.) ૩૦૮
૮૭ શ્રીમદ્ આનંદઘનજીના એક પદનો અનુવાદ. (પદ્ય) ( ફ. ઝ. શાહ. ) ૩૧૨
૮૮ વીતરાગ શાસ્રનની પ્રભાવના શીરીતે થઈ શકે ? (મુ. ક. મહારાજ) ૩૧૩
૮૯ લઘુતાત્યાં પ્રભુતા. ( મુનિ. ક. મહારાજ. ) ૩૧૪
૯૦ કથણી કથવા માત્રથી શું વળવાનું છે ? રહેણી રહેવાથી સિદ્ધિ છે. ( મુનિ. ક૦ મહારાજ ) ૩૧૫
૯૧ સમયના પ્રવાહમાં. ( I. A. ) ૩૧૬
૯૨ શ્રીમાન આત્મારામજી મહારાજના પરિવારના મુનિઓના ચાતુર્માસ. ૩૨૫




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

## થોડા વખતમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થશે.

### છપાતા નવા ગ્રંથો.

૧ પંચસંગ્રહ. શેઠ રતનજીભાઇ વીરજી તરફથી.
૨ સત્તરિય ઠાણુ સટીક—શાહ ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૩ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા—શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૪ ચૈત્યવંદન મહાભાષ્ય. ૫ જૈન મેઘદૂત સટીક.
૬ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ. ૭ જૈન ઐતિહાસિક ગુર્જર રાસસંગ્રહ.
૮ દ્રૌપદી સ્વયંવર નાટક.
૯ અંતગડદશાંગ સૂત્ર સટીક—ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી.
૧૦ શ્રી કલ્પસૂત્ર-કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્ર રત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમનાં ધર્મપત્નિ બાઈ ચુનીબાઇ માણુસાવાળાની દ્રવ્ય સહાયથી.
૧૧ શ્રી ઉપાસક દશાંગ બુહારીવાળા શેઠ પીતાંબરદાસ પન્નાજી.
૧૨ શ્રી નિર્યાવલી સૂત્ર શ્રી શીહોરના સંઘ તરફથી.

### છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક. ૨ ષટસ્થાનક સટીક.
૩ સંસ્તારક પ્રકીર્ણક સટીક. ૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.
૫ બંધહેતૂદય ત્રિભંગી સટીક. ૬ બંધોદયસત્તા પ્રકરણ સટીક.
૭ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત. ૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૯ વિજયદેવસૂરિ માહાત્મ્ય. ૧૦ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૧૧ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ. ૧૨ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે
૧૩ ધાતુપારાયણ.

### નવા આગમો છપાવવાની થયેલ યોજના.

१ श्री अनुत्तरोववाईसूत्र सटीक शा. कचराभाइ नेमचंद खंभातवाळा तरफथी.
२ श्रीनंदीसूत्र श्रीहरिभद्रसूरिकृत टीका साथे. बुहारीवाळा शेठ मोतीचंद सुरचंद तरफथी.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

जैनो संघश्चतुर्धा भवतु विविधसद्ज्ञानसंपद्विलासी
श्रेयः सामाजिकं यद्विलसतु सततं तत्र पूर्णप्रभावि ।
भक्ति श्रीमद्गुरूणां प्रसरतु हृदये भावपूर्णप्रकाशा
'आत्मानन्द प्रकाश' ह्यभिलषति सदा मासिकं चेतसीति ॥१॥

पु. १६. } वीर सं. २४४४—श्रावण. आत्म सं. २३ } अंक १ लो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|---|---|
| ૧ | વર્ષારંભે માંગલ્યસ્તુતિ. ... ... | ૧ | ૭ | મહત્વાકાંક્ષા ... ... ... | ૨૯ |
| ૨ | ગુરૂસ્તુતિ ... ... ... | ૨ | ૮ | વિશ્વની વિચિત્ર ઘટનાઓ ... | ૨૭ |
| ૩ | આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આર્શિવચન ... ... ... | ૨ | ૯ | વર્ત્તમાન સમાચાર ... ... | ૩૦ |
| ૪ | વર્ષારંભે વીરવંદન ... ... | ૨ | ૧૦ | શ્રીમદ્ વિજયાનંદસૂરિ મહારાજના ચાતુર્માસ ... ... | ૩૧ |
| ૫ | શ્રી મહાવીર-નિર્વાણનો સમય-નિર્ણય. | ૩ | ૧૧ | ગ્રંથાવલોકન ... ... ... | ૩૨ |
| ૬ | અભિનવ વર્ષના ઉદ્ગારો ... | ૧૬ | | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંદરમા વર્ષની અપૂર્વ ભેટ.

## ૧ શ્રી ગુરૂગુણાવલી, અને ૨ સમયસાર પ્રકરણ.

### ( ભાષાંતર. )

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવા રજા લઇયે છીયે કે દરવર્ષ મુજબ આ વર્ષે પ્રત્યેક જૈનબંધુઓને પઠન-પાઠનમાં ઉપયોગી દ્રવ્યાનુયોગના આ બે ગ્રંથો-૧ શ્રી ગુરૂગુણાવળી અને ૨ સમયસાર પ્રકરણ ગ્રંથો અમારા કદરદાન ગ્રાહકોને આ વર્ષની ભેટ તરીકે આપવાનું પસંદ કરવામાં આવ્યું છે.

૧ પ્રથમ ગ્રંથ **ગુરૂગુણાવળી**-યાને ગુરૂગુણ **છત્રીશી** મૂળ સાથે રહસ્ય આપવામાં આવેલ છે. તેમાં એક ગાથા એ છત્રીશ ગુણવર્ણન એવી છત્રીશ છત્રીશી કે જે ૧૨૯૬ ગુણો થાય છે, તેનું અપૂર્વ વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવેલું છે. આ ગ્રંથમાં બતાવવામાં આવેલ સૂરિવરો ( ભાવાચાર્ય ) ના આ ઉત્તમોત્તમ ગુણો વાંચી કે સાંભળીને ભાવીકજનોના હૃદયમાં ઉત્તમ ભક્તિ પ્રગટે છે કે જે ભક્તિ તે એક અજબ વશીકરણ છે અને તે મુક્તિને પણ ખેંચી લાવે છે. આ અપૂર્વ ગ્રંથનું અધ્યયન કરવાથી અધ્યયન કરનાર દરેક મનુષ્યનું હૃદય તેવા ઉત્તમ ગુણ ગ્રહણ કરવા લાયક બને તેવો ઉત્તમ ગ્રંથ છે.

૨ જો ગ્રંથ **સમયસાર પ્રકરણ**-જેમાં નવતત્ત્વનું સંક્ષિપ્ત પણ સરલ વર્ણન આપવામાં આવ્યું છે. સાથે સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્રની ટુંકામાં આપેલ હકીકત તેના અભ્યાસીઓને-
૧ ાનના ખપીઓને ઘણીજ ઉપયોગી છે.

૧૩ **આ બંને ગ્રંથો પૂર્વાચાર્યોની કૃતીના છે તે બંને મૂળ ગ્રંથો અમારા તરફથી ાસિદ્ધ થયેલ છે અને તેનું સરલ અને શુદ્ધ ભાષાંતર કરવાનો શાંત મૂર્તિ પરમઉપ-ારી મુનિરાજશ્રી કપૂરવિજયજી** મહારાજે જૈનબંધુઓને લાભ આપવાની ઉપકાર બુદ્ધિથી ા સ્તુત્ય પ્રયત્ન કર્યો છે.

૧ **હાલમાં ચાલતા મહાન યુદ્ધને લઇને કાગળો વીગેરે છાપવાના તમામ સાહિ-**
૩ **ની ઘણીજ હદ ઉપરાંત મોંઘવારી છતાં દરવર્ષની જેમ આ વર્ષે પણ તેજ મુજબ**
૫ **ામીત ભેટની બુક** આપવાનો ક્રમ માત્ર અમોએ ચાલુ રાખ્યો છે-તે અમારા સુજ્ઞ
ંધુઓના ધ્યાન બ્હાર હશેજ નહિ.

૭ બાર માસ થયાં ગ્રાહકો થઇ 'રહેલા' અને તેમાં આવતા વિવિધ વિષયોનો આસ્વાદ
૯ ારા માનવંતા ગ્રાહકો ભેટની બુકનો સ્વીકાર કરી લેશેજ, એમ-અમોને સંપૂર્ણ ભરોસો છે,
૧૧ ં **અત્યારસુધી ગ્રાહકો રહ્યા છતાં ભેટની બુકનું વી૦ પી૦ જે ગ્રાહકોને પાછું**
૧૩ **ાવું હોય, અથવા છેવટે બીજાં બ્હાનાં બતાવી વી૦ પી૦ ન સ્વીકારવું હોય**
**ાએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું કે જેથી નાહક વી૦ પી૦**
**ખર્ચ નકામો સભાને કરવો પડે નહિ. તેમજ સભાને તથા પોસ્ટખાતાને નકામી**
**નતમાં ઉતરવું પડે નહિ. તેટલી સુચના દરેક સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી**
**ંતિ છે.**

૧ શ્રી પર્યુષણના પ્રથમ દિવસથી અમારા માસિકના માનવંતા ગ્રાહકોને સદરહુ ગ્રંથ
૨ શ્રીના લેણા પુરતા પૈસાનું વી૦ પી૦ કરી દરવર્ષ મુજબ ભેટ મોકલવામાં આવશે **જેથી પાછું**
**મુરચંનખાતાને નુકશાન નહિ કરતાં** દરેક સુજ્ઞ ગ્રાહક સ્વીકારી લેશે એવી વિજ્ઞપ્તિ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભામાં એક ઉદાર નરરત્ન જૈન બંધુનું પેટ્રન (મુરબ્બી) સભાસદ તરીકે દાખલ થવું.

ઇન્દોર નિવાસી સદ્‌ગુણાલંકૃત ઉદાર નરરત્ન શેઠ બાલચંદજી-ભાઇ છાજેડ (શેઠ નથમલજી ગંભીરમલજીવાળા) આ સભામાં માનવંતા પેટ્રન થયા છે. શ્રીયુત શેઠ બાલચંદજીભાઇ છાજેડ જેઓએ ગયા વર્ષે પહેલાં એક ધાર્મિક સંસ્થા ખોલવા રૂા. ૨૫૦૦૦) ખર્ચ્યા હતા અને હાલમાં ઇન્દોરમાં એક લાખ રૂપૈયા મહીલાશ્રમ ખોલવા બક્ષીસ કર્યા છે, સાથે મકાન પણ મોટી રકમનું અર્પણ કર્યું છે, અને તેના ખર્ચ માટે વીશ વર્ષ સુધી દર મહીને રૂા. ૫૦૦) આપવા ઇચ્છા જણાવી છે. આવા અનેક કાર્યોમાં તેઓશ્રી પોતાની ઉત્તમ લક્ષ્મીનો વ્યય કરે છે, અને પોતાની ધર્મશ્રદ્ધા અને અતિ સખાવત માટે હિંદુસ્તાનમાં જે પ્રસિદ્ધ પુરૂષ છે તેઓશ્રી આ સભાની કાર્યવાહી અને ઉન્નતિ જોઇ, જાણી આ માસમાં (પેટ્રન) મુરબ્બી સભાસદ થયા છે. અમો તેઓને હર્ષપૂર્વક મુબારકબાદી આપીયે છીયે, અને સભાના દરેક કાર્યોમાં તન, મન, ધનથી સહાય આપવા નમ્ર સૂચના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-पीडितेन तदपनयनाय हेयोपादेय-पदार्थ परिज्ञानेयत्नो विधेयः ॥

पुस्तक १६ ] वीर संवत् २४४४, श्रावण आत्म संवत् २३. [ अंक १ लो.

## वर्षारंभे मांगल्य स्तुति.

शार्दुल विक्रीडितम् ।

छिन्ना येन भवाटवीसमुदिता कर्मद्रुमाली परा,<br>
यद्भीताश्च सदान्तरा हि रिपवो नश्यन्ति दूरं खलाः ।<br>
सोऽयं येन दयाभरेण ललितोऽप्यध्यात्मखड्गोधृतः ,<br>
स श्रीवीरजिनेश्वरोऽस्तु सुखदो वर्षे नवीने सताम् ॥ १ ॥

જેણે આ સંસારરૂપી અટવીમાં ઉગેલી કર્મરૂપી વૃક્ષોની મોટી શ્રેણીને છેદી નાંખી છે અને જેના ભયથી હંમેશાં અંતરના નઠારા શત્રુઓ ( કષાયો ) દૂર નાશી જાય છે, એવા અધ્યાત્મરૂપી ખડગ્‌ને જેઓએ ધારણ કરેલું છે, એવા શ્રી વીરભગવાન્ આ નવીન વર્ષમાં સત્પુરૂષોને સુખ આપનારા થાઓ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## गुरुस्तुति.

शिखरिणी.

यदीया द्रव्यश्रीः सपदि यदद्दश्यापि जगति,
स्मृता भावश्रीः सा भवति फलदा तद्भजनिनाम् ।
सदा वाग्रूपेण प्रतिकृति धृते भारतभुवि,
नमस्तस्मै नित्यं विजयिविजयानन्दगुरवे ॥ २ ॥

જેઓના સરીરની દ્રવ્યલક્ષ્મી આ જગતમાંથી અદશ્ય થઇ ગઇ છે, પરંતુ જેઓની શરીરની તેજ ભાવલક્ષ્મીરૂપે સ્મરણ કરવાથી તેમના ભકતોને અદ્યાપિ ફલ આપનારી થાય છે, અને જેઓ આ ભરતક્ષેત્રને વિષે સદા વાણીરૂપ ( ગ્રંથરૂપ ) પ્રતિમાને ધારણ કરીને રહેલા છે, એવા તે વિજયવંતશ્રી **વિજયાનંદસૂરી** ગુરૂને નમસ્કાર છે. ૨.

## श्री आत्मानंद प्रकाशना ग्राहकोने आशीर्वचन.

गीति.

માનવ જીવનના ફળ, પૂરણ પામી સ્વધર્મમાં રાચો;
ગ્રાહક સર્વ રસેથી **આત્માનંદ પ્રકાશને** વાંચો. ૧

## વર્ષારંભે વીરવંદન.

### હરિગીત.

ધારણ કરે સદ્ધર્મને જે સદ્‌ગુણોથી શોભતા,
કારૂણ્યને વિસ્તારતા વળી કર્મને ઉચ્છેદતા;
નિર્જરા જે આચરીને દુર્ઘટ વ્રતાદિ ધારતા,
અજ્ઞાન તિમિર ટાળીને જે જ્ઞાનદિપ પ્રકટાવતા. ૧
જેના પ્રભાવ તણો પ્રકાશ ત્રિલોકમાં પ્રસરી રહે,
મિથ્યાત્વનું જડમૂલથી જે સદ્ય ઉન્મૂલન કરે;
સમ્યકત્વનું સ્થાપન કરી સૌ ભવ્યને શિવ આપતા,
એ વીરને વંદું પ્રીતે આ નવિન વર્ષ શરૂ થતાં. ૨

વિ. મુ. શાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર-નિર્વાણનો સમય-નિર્ણય.

જેમની ઐતિહાસિક વિષય તરફ રૂચી છે અને જેઓ એ વિષયના લેખો-નું મનનપૂર્વક અધ્યયન-શ્રવણ કરે છે તેઓ સારી પેઠે જાણે છે કે, જૈન ઇતિહાસ અને જૈન કાળગણનાના ॐ નમઃ રૂપે જે શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરદેવનો નિર્વાણ-સમય છે તેના વિષયમાં પુરાતત્ત્વવેત્તાઓમાં આજ ઘણાં વર્ષોથી પરસ્પર મતભેદ અને વાદ-વિવાદ ચાલી રહ્યો છે. જૈન ધર્મના પ્રાચીન સાહિત્યમાં પણ ખુદ એ બાબતમાં એકતા જણાતી નથી. મહાવીરદેવનો નિર્વાણસમય, એ જૈન ઇતિહાસમાં તો સૌથી અગ્ર ભાગ ભજવે છે; પરંતુ અખિલ ભારતીય ઇતિહાસમાં પણ તેની તેટલી જ મહત્તા છે અને એ કારણને લઇને પુરાતત્ત્વજ્ઞોના માટે તે એક ઘણોજ અગત્યનો સવાલ થઇ પડયો છે.

સામાન્ય રીતે જૈન ગ્રંથોની વળણ ઉપરથી પ્રથમ એમ માનવામાં આવ્યું હતું કે, હિંદુસ્તાનમાં વર્તમાનમાં જે વિક્રમ સંવતના નામે સંવત પ્રવર્તે છે તેના પ્રારંભ પહેલાં ૪૭૦ વર્ષે, અને ઇ. સ. પર૭ પૂર્વે, શ્રમણ ભગવાનનું નિર્વાણ થયું હતું. જૈન ધર્મના દિગંબર અને શ્વેતાંબર નામના બંને પ્રાચીન સંપ્રદાયોના ઘણા ગ્રંથો ઉપરથી એ નિર્ણય નીકળતો હતો. પરંતુ પ્રસિદ્ધ જૈન તત્ત્વજ્ઞ જર્મન વિદ્વાન્ ડૉ. હર્મન જેકોબીએ, આચાર્યશ્રી હેમચંદ્રના એક ભ્રાન્ત ઉલ્લેખથી પ્રેરાઈ એ નિર્ણયમાં શંકા ઉપસ્થિત કરી અને તેને મળતાં બીજાં કેટલાંક પ્રમાણોનો આશ્રય લઈ, એ જુની માન્યતાને અસંબદ્ધ ઠરાવી. ત્યારપછી બીજા ઘણાક વિદ્વાનોએ એ સંબંધમાં, પરસ્પર ખંડન-મંડન ચાલુ કર્યું અને એક બીજાએ પોતપોતાના કથનને સત્ય સિદ્ધ કરવા અનેક જાતનો ઉહાપોહ કર્યો. જાર્લ ચારપેંટિયર નામના એક વિદ્વાને 'ઇન્ડિયન એન્ટીકવેરી' નામના સુપ્રસિદ્ધ માસિક પત્રના સન ૧૯૧૪ ના જૂન, જુલાઇ અને ઓગસ્ટ માસના અંકોમાં, એ વિષયનો એક ઘણોજ વિસ્તૃત લેખ લખ્યો અને તેમાં મહાવીરનિર્વાણ વિક્રમ સંવત્ પૂર્વે ૪૭૦ વર્ષે નહિં પરંતુ ૪૧૦ વર્ષે-ઇ. સ. ૪૬૭ પૂર્વે થયું હતું, અને હાલમાં જે ગણના ગણવામાં આવે છે તેમાં ૬૦ વર્ષ વધારે છે તે કમી કરવા જોઇએ, એમ સિદ્ધ કરવા વિશેષ પ્રયાસ કર્યો હતો.

પોતાના એ વિસ્તૃત લેખમાં પ્રથમ તો એ વિદ્વાને એમ સિદ્ધ કર્યું કે, મેરૂતું-ગાચાર્ય વિગેરેના વિચારશ્રેણિ આદિ ગ્રંથોમાં જૈન કાળગણના સંબંધી જે પ્રાચીન ગાથાઓ આપેલી છે, તેમાં જણાવેલા રાજાઓનો કોઇ પણ પ્રકારનો પરસ્પર ઐતિહાસિક સંબંધ છેજ નહિં. તેમજ મહાવીરનિર્વાણ પછી ૪૭૦ વર્ષે જે વિક્રમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા થવાનો ઉલ્લેખ છે તેનો ઇતિહાસમાં ક્યાંએ અસ્તિત્વજ નથી. માટે એ પુરાણી ગાથાઓમાં જે પ્રકારે કાળગણના કરવામાં આવી છે અને જે રાજાઓના રાજ્યકાળ આપ્યા છે તે નિર્મૂળ છે. લેખના બીજા ભાગમાં એ વિદ્વાને એમ બતાવ્યું કે–**सामण्णफलसुत्त** વિગેરે કેટલાક બૌદ્ધ ગ્રંથો ઉપરથી જણાય છે કે, મહાવીરદેવ અને બુદ્ધદેવ બંને સમકાલીન હતા; અને બૌદ્ધ ગ્રંથો પ્રમાણે બુદ્ધદેવનો નિર્વાણ ઇ. સ. પૂર્વે ૪૭૭ વર્ષે થયું હતું. જનરલ કનિંઘામ અને મોક્ષમુલ્લરે પણ એ તારીખ માન્ય રાખી છે. બુદ્ધદેવની મૃત્યુ સમયે ૮૦ વર્ષની અવસ્થા હતી. તો હવે જોવાનું કે, ગાથાઓમાં જણાવ્યા પ્રમાણે જો મહાવીરદેવનો અંતકાળ ઇ. સ. પૂર્વે પર૭ વર્ષે થયો હોય તો તે વખતે બુદ્ધદેવની ઉમર ફક્ત ૩૦ વર્ષની હશે. પરંતુ એ સૌ કોઈ માને છે કે છત્રીસ વર્ષની ઉમ્મર પહેલાં ગૌતમબુદ્ધને બોધિજ્ઞાન પણ થયું નહોતું અને તેમના કોઈ અનુયાયિઓ પણ થયા નહોતા. તેથી હવે સિદ્ધ છે કે મહાવીરદેવનું નિર્વાણ જો ઉક્ત કથન પ્રમાણે થયું હોય, તો પછી તેમની બુદ્ધદેવની સાથે સમકાલીનતા શી રીતે મળી શકે છે? વળી એમ પણ કહેવામાં આવે છે કે મહાવીર અને બુદ્ધદેવ બંને અજાતશત્રુ ( શ્રેણિકના પુત્ર ) ના રાજ્યકાળમાં મોજુદ હતા. ઐતિહાસિક ઉલ્લેખો પ્રમાણે અજાતશત્રુ બુદ્ધદેવના મૃત્યુ પૂર્વે ૮ વર્ષે રાજગાદીએ બેઠો હતો અને તેણે એકંદર ૩૨ વર્ષ સુધી રાજ્ય કર્યું. આ રીતે ઉક્ત જૈન ગાથાઓ પ્રમાણે જો મહાવીર નિર્વાણ માનવામાં આવે તો આ હકીકત બંધ બેસતી આવે તેમ નથી. તેથી યા તો મહાવીરનિર્વાણનો સમય ઉક્ત સમયથી આ તરફ આણવો જોઇએ અને યા તો બુદ્ધદેવનો નિર્વાણ સમય પાછળ હઠાવવો જોઇએ. પરંતુ બુદ્ધદેવનો નિર્વાણ સમય તો ચોક્કસ ગણતરીએ ગણેલો છે અને મહાવીરનો સમય માત્ર અનુમાનથી કલ્પી લીધેલો છે, માટે તેને ૬૦ વર્ષ આ તરફ ખસેડવાની જરૂરત છે આની પુષ્ટિમાં હેમચંદ્રાચાર્યના **परिशिष्ट पर्व** નું કથન પણ ઉપલબ્ધ છે આ વિષયમાં, આવી રીતે, એ લેખમાં તે વિદ્વાને ઘણાજ લંબાણથી ચર્ચા કરી છે.

ઉપરજ જણાવ્યું છે કે, જૈન ઇતિહાસના માટે આ એક ઘણોજ અગત્યનો સવાલ છે અને એના નિરાકરણ ઉપરજ જૈનધર્મના સાહિત્ય અને ઇતિહાસની વાસ્તવિક ક્રમિક રચના રચી શકાય છે; અને તેટલા માટે, જૈન વિદ્વાનોએ, એ બાબત ખાસ પ્રયત્ન કરવાની જરૂરત હતી; પરંતુ જોઇએ છીએ કે સંખ્યાબંધ જૈન આચાર્યમાંથી કોઇએ પણ, જેમની ગાદીના પોતે વારસ થવા જાય છે તેમની, ખરી તારીખ ખોળી કાઢવા માટે જરાએ પ્રયત્ન કર્યો નથી. પ્રયત્ન કરવાની વાતતો દૂર રહી, પરંતુ દુનિયાના બીજા વિદ્વાનો એ વિષયમાં શી ઘડ–મથળ કરી રહ્યા છે તેની ખબર સુધાં મેળવવાની દરકાર કરી નહી હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસ્તુ. શ્રીયુત કાશીપ્રસાદજી જાયસવાલ એમ. એ. ( ઑક્ષફૉર્ડ યુનિવર્સિટી ) બારિસ્ટર-એટ-લૉ કરીને પટનામાં એક વિદ્વાન્ ગૃહસ્થ છે, હિંદુસ્તાનના નામી ઐતિહાસિકોમાના તેઓ એક છે; તેમણે ભારતના પ્રાચીન ઇતિહાસ સંબંધી ઘણો ઉહાપોહ કર્યો છે અને કેટલાક પાશ્ચાત્યોના ભ્રાંત વિચારોનો ઘણીજ ઉત્તમતા પૂર્વક સંસ્કાર કર્યો છે. અનેક ઐતિહાસિક ગુંચવાડાઓ ઉકેલ્યા છે. પ્રસંગોપાતથી મહાવીરના નિર્વાણ સમયનો પણ તેમણે કેટલેક ઠેકાણે ઉલ્લેખ કરેલો છે અને ઉપર જણાવ્યા પ્રમાણે એ ગુંચવાયલા કોકડાને પણ ખોલવાનો પ્રશંસનીય પ્રયાસ કરેલો છે. બિહાર અને ઓરીસા રીસર્ચ સોસાયટીના સને ૧૯૧૫ ના સપ્ટેમ્બર માસના જર્નલમાં **शैशुनाक और मौर्य काल गणना** (Saisunaka and Maurya Chronology) વિષયે તેમણે એક ઘણાજ મહત્વનો નિબંધ લખ્યો છે. તેમાં અંતે બુદ્ધ દેવ અને મહાવીર દેવના નિર્વાણ-સમયનું પણ ઘણીજ વિદ્વત્તા પૂર્વક નિરાકરણ કર્યું છે, અને જૈનોની પ્રાચીન ગાથાઓની ગણતરીનેજ સપ્રમાણ સિદ્ધ કરી, જે વિદ્વાનો ઉપર જણાવ્યા પ્રમાણે ૬૦ વર્ષની ન્યૂનતા આણતા હતા તેમની દલીલો જડ મૂળથી ઉખેડી ન્હાંખી છે. જૈન, બૌદ્ધ અને હિન્દુઓના ગ્રંથોના પ્રામાણિક આધારોને લઇને તેમણે પોતાના કથનને પુષ્ટ બનાવ્યું છે.

હાલમાં એ વિદ્વાને એક અત્યંત મહત્ત્વના ઐતિહાસિક લેખનું સંશોધન કરી ઉક્ત જર્નલના છેલ્લા અંકમાં પ્રકટ કર્યો છે. એ લેખ તે સુપ્રસિદ્ધ ખારવેલનો ઉદયગિરિની હાથીગુહાવાળો લેખ છે, જે મ્હેં ડૉ. ભગવાનલાલજીની સંશોધિત કરેલી આવૃત્તિ પ્રમાણે ગયેજ વર્ષે ગુજરાતીમાં બહાર પાડયો છે, ડૉ. ભગવાનલાલના સંશોધનમાં થોડા વર્ષ ઉપર ડૉ. ફ્લીટ વિગેરે પુરાતત્ત્વજ્ઞોએ શંકા કરી હતી, અને કોઈ અધિકારી વિદ્વાનના હાથે એ લેખનું પુનઃ અવલોકન થવાની જરૂરત જણાવી હતી. તે કાર્ય શ્રીયુત જાયસવાલ મહાશયે પૂર્ણ કર્યું છે અને એ લેખની ઘણીજ સૂક્ષ્મ બુદ્ધિથી છાનબીન કરી તેવી ઉત્તમ આવૃત્તિ પ્રસિદ્ધિમાં મૂકી ઘણા નવા તત્ત્વોનું ઉદ્ઘાટન કર્યું છે. એ લેખના એક બે ભાગો સંબંધમાં મ્હારી સાથે પણ તેમણે કેટલોક રસભર્યો પત્રવ્યવહાર ચલાવ્યો હતો. તેમના એ લેખ-સંશોધનથી જૈનધર્મના તત્કાલીન ઇતિહાસ ઉપર ડૉ. ભગવાનલાલ કરતાં પણ વધારે પ્રકાશ પડયો છે અને સમુચ્ચય ભારતીય ઇતિહાસની મહાત્તામાં પણ એક વિશેષ ઉમેરો થયો છે. એ નિબંધમાં પણ તેમણે મહાવીર-નિર્વાણ સંબંધી સૂચન કર્યું છે અને પોતાના ઉપર્યુક્ત કાળનિર્ણયવાળા લેખમાં કરેલા કથનને વધારે પુષ્ટ બનાવ્યું છે. તેમની આ બધી દલીલો પુરાતત્ત્વજ્ઞો માન્ય કરતા જાય છે અને અર્લિ હિસ્ટરી ઓફ ઇન્ડિઆના લેખક પ્રસિદ્ધ ઇતિહાસજ્ઞ મી. વીંસેંટ સ્મીથે પણ હવે તેમના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કથનને સાદર સ્વીકાર્યું છે, એમ શ્રીયુત જાયસવાલ મ્હને પોતાના તારીખ ૯—૭—૧૮ ના પત્રમાં, ખાસ રીતે નીચે પ્રમાણે જણાવે છે.

" आप को यह सुन कर प्रसन्नता होगी कि V. Smith ने यह अब मान लिया कि बुद्धदेव तथा महावीरस्वामी का निर्वाण—काल जैसा हम कहते हैं वही ठीक है । अर्थात् जैसा कि उन के अनुयायी मानते हैं । यह खारवेल के लेख से सिद्ध हो गया । मि. विंसेंट स्मीथने पत्र द्वारा यह मुझे लिखा है । "

આવી રીતે ભારતીય ઇતિહાસના એક ઘણાજ મહત્ત્વના પ્રશ્નનો ઘણા યુગોની ઘડમથલ પછી એક ભારતીય વિદ્વાનના હાથેજ નિર્ણય થતો જોઇ દરેક ભારતીયને પ્રસન્ન થવા જેવું છે, અને ખાસ કરીને જૈન સમાજે તો પોતાની કૃતજ્ઞતા પ્રકટ કરવા માટે શ્રીયુત જાયસવાલને હાર્દિક અભિનંદન આપવું જોઇએ.

કાલગણનાના વિષયમાં હમેશાં કૃપણતા બતાવનારા પાશ્ચાત્ય પુરાતત્ત્વજ્ઞોએ મહાવીર–નિર્વાણને ૬૦ વર્ષ આ તરફ ખેંચીને પુરાણા જૈન ગ્રંથોમાં આપેલી પ્રાચીન ગાથાઓને અસત્ય ઠેરવી હતી, પરંતુ શ્રીયુત જાયસવાલ એ ગ્રંથકારોના પક્ષમાં વગર ફીએ બેરીસ્ટરી કરવા તૈયાર થયા અને અનાથ અને મૂક એવા એ જીર્ણ ગ્રંથોના કથનને પોતાના પ્રતિભાબળે સત્ય ઠરાવી વિચારક જગત્ આગળ તેમની પ્રતિષ્ઠાને પૂર્વવત્ સ્થિર કરી આપી છે.

શ્રીયુત જાયસવાલના મત પ્રમાણે મહાવીરસ્વામીનું નિર્વાણ વિ. સં. પૂર્વે ૪૭૦ વર્ષે નહિં, પરંતુ ૪૮૮ વર્ષે થયું હતું. કારણ કે પટ્ટાવલિઓ વિગેરેમાં જે ૪૭૦ વર્ષ લખ્યાં છે તે વિક્રમના રાજ્યારોહણ સુધીનાં નથી, પરંતુ તેના જન્મ સુધીનાં છે. વિક્રમ પોતાના જન્મથી ૧૮ મે વર્ષે ગાદિએ બેઠો હતો, અને ત્યારથી તેનો સંવત્ ચાલ્યો છે, તેથી વિ. સં. ની શરૂઆત પહેલાં ૪૮૮ વર્ષ ઉપર મહાવીર–નિર્વાણ થયું હતું એ સિદ્ધ થાય છે. આ ગણત્રી પ્રમાણે આજે જે આપણે મહાવીર–નિર્વાણ સંવત્ ૨૪૪૪ માનીએ છીએ તેના બદલે ૨૪૬૨ (૨૪૪૪+૧૮) માનવું જોઇએ. કેટલીક જૂની પટ્ટાવળિઓમાંથી પણ આ કથનને પુરાવો મળે છે.

શ્રીયુત જાયસવાલે આ સંબંધમાં છુટા છવાયા ઘણા ઉલ્લેખો કર્યા છે, પરંતુ સઘળા પુરાવાઓનો સંક્ષેપમાં એકત્ર સંગ્રહ અને તેના ઉપરથી નિકળતો સાર, તેમણે ઉપર જણાવ્યા પ્રમાણે બીહાર અને ઓરીસા રીસર્ચ સોસાયટીના જર્નલના પ્રથમ ભાગના પ્રથમ અંકમાં ( The Journal of the Bihar and Orissa Research Society. Vol, I. Part I. ) શૈશુનાક અને મૌર્યકાલગણના તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધનિર્વાણની તારીખ ( Saisunaka and Maurya Chronology and the date of the Buddha's Nirvana) નામના લેખની અંતે, ખાસ મહાવીરનિર્વાણ અને જૈનકાલગણના સંબંધી એક સ્વતંત્ર પ્રકરણ જોડ્યું છે, તેમાં સમગ્ર આપ્યો છે. જૈન ગ્રંથોમાં વારંવાર મળી આવતા શ્રેણિકાદિ શિશુનાકવંશીય અને ચંદ્રગુપ્તાદિ મૌર્યવંશીય રાજાઓના વાસ્તવિક રાજ્યકાલ જાણવાની જિજ્ઞાસાવાલા દરેક જૈન વિદ્વાને એ સમગ્ર નિબંધ ખાસ મનનપૂર્વક વાંચવો જોઇએ. જિજ્ઞાસુ વાંચકોની ખાતર તેમજ વિદ્વાન્ મનાતા જૈન મુનિવરોના જ્ઞાનની ખાતર, એ લેખમાંનો અંતિમ ભાગ જે મહાવીર–નિર્વાણ સંબંધી લખાએલો છે તેનો ભાવાર્થ ( ભાષાનુવાદ ) અત્ર આપવામાં આવે છે. જૈનવિદ્વાનો તરફથી, આ વિષયમાં વધારે ઉહાપોહ થવાની આશા તો રાખી શકાય તેમ છેજ નહિં પરંતુ જો તેઓ એકવાર મનન પૂર્વક આ બધું સમગ્ર વાંચી જવા જેટલી પણ પ્રવૃત્તિ કરશે તો આ પ્રયત્ન માટે લેવાયલો શ્રમ આશા આપનાર નિવડશે. તથાસ્તુ.

* * * *

## * નિર્વાણ તિથિઓ.

ચન્દ્રગુપ્તરાજાના રાજ્યારોહણ વિષે જૈનો તરફથી નીચે પ્રમાણેની હકીકત મળે છે.—જે વર્ષમાં નવમો નંદ ( શકટાલનો સ્વામી ) મૃત્યુ પામ્યો અને ચંદ્રગુપ્ત ગાદીએ બેઠો તેજ વર્ષમાં સ્થૂલભદ્રાચાર્યે કાલ કર્યો હતો.[1] આ બનાવ મહાવીરના નિર્વાણ પછી ૨૧૯ વર્ષે બન્યો હતો.[2] હવે જો એમ માનિએ કે મહાવીર ચંદ્રગુપ્તના તખ્તનશીન થયા પહેલાં ૨૧૯ વર્ષે નિર્વાણ પામ્યા, તો પછી મહાવીરના નિર્વાણ પછી ૫૩ કે ૬૦ વર્ષ પછી બુદ્ધ નિર્વાણ પામ્યા, એમ માનવું યોગ્ય ગણાય નહિં. કારણ કે તેઓ બંને સમકાલીન હતા અને તેથી તેમનું મૃત્યુ પણ થોડાજ અંતરે થયું હોય એમ માનવું સકારણ છે.

નિગ્રન્થજ્ઞાતપુત્ર (મહાવીર) જ્યારે પાવામાં નિર્વાણ પામ્યા ત્યારે બુદ્ધ જીવતા હતા એવા ભાવાર્થવાળો ઉલ્લેખ જે અંગુત્તરનિકાયમાંથી મળી આવે છે તે પૂર્ણ માનવા યોગ્ય છે.[3] અને જે પુરાવાઓના વિષયમાં અત્રે ઉહાપોહ કર્યો છે તેમાંથી પણ એજ નિકળી આવે છે કે મહાવીર ચંદ્રગુપ્તના રાજ્યારોહણ પૂર્વે ૨૧૯ વર્ષે નિર્વાણ પામ્યા અને બુદ્ધ ૨૧૮ વર્ષે. આ પ્રમાણે ચંદ્રગુપ્ત ૨૨૦ A. M

* જુઓ, ઉક્ત જર્નલના પૃષ્ટ ૯૯ થી ૧૦૫ સુધી,–જિનવિજય.

૧ તપગચ્છની પટ્ટાવલી I. A. ૧૧–૨૫૧ (ઇન્ડિઅન એન્ટીકવેરી, પુસ્તક ૧૧. પૃષ્ટ ૨૫૧).

૨ ખરતરગચ્છની પટ્ટાવલી. I. A.–૧૧, ૨૪૬.

૩ ઓલ્ડેનબર્ગ, Z. D. M. G. ૩૪,૭૪૯.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



J. [ મહાવીર જિન પછી ] (ચાલુ) અને ૨૧૯ A. B. [ = બુદ્ધદેવ પછી ] (ચાલુ) ગાદિએ બેઠો અને બુદ્ધ, મહાવીરના પછી એક વર્ષે નિર્વાણ પામ્યા.[૪] જૈનોની કાલગણના પ્રમાણે ચંદ્રગુપ્ત ઇ. સ. પૂર્વે ૩૨૬ યા ૩૨૫ ના નવેંબર માસમાં ગાદિએ બેઠો. [૫]

હવે ચંદ્રગુપ્તના રાજ્યારોહણ પહેલાનું ૨૧૮ મું વર્ષ તે ( ૩૨૬+૨૧૮ ) ઇ. સ. પૂર્વેનું ૫૪૪ મું વર્ષ થાય, એટલે કે બુદ્ધ નિર્વાણનું વર્ષ પણ ઉપર જણાવ્યા પ્રમાણે, ઇ. સ. પૂર્વેનું ૫૪૪ મું જ થયું.[૬] અને સીલોન, બર્મા અને સીઆમની દંતકથાઓ પ્રમાણે પણ બુદ્ધનિર્વાણનું એજ વર્ષ આવે છે, તે જાણી આપણને સાનુકૂળ આશ્ચર્ય થશે.

---

૪ બરાબર ચોક્કસ બોલિએ તો બુદ્ધ મહાવીર પછી એક વર્ષ અને આઠ દિવસે નિર્વાણ પામ્યા. કારણકે મહાવીર કાર્તિક વદી ०)) ને દિવસે નિર્વાણ પામ્યા ( કલ્પસૂત્ર, પ્રકરણ ૧૨૩ ) અને બુદ્ધ કાર્તિક શુદી ૮ ને દિવસે. ( ફ્લીટ, J. R. A. S. *1909*, 22 )

૫ ઍલેકઝેન્ડર જ્યારે પંજાબમાંથી પાછો ફર્યો ( ઇ, સ. પૂર્વે ૩૨૬ ઑક્ટોબર ) ત્યારે નન્દરાજા રાજ્ય કરતો હતો. આ તારીખમાં અને ચંદ્રગુપ્તની રાજ્યારોહણની તારીખમાં પરસ્પર કાંઇ વિરોધ નથી. નન્દના સૈન્ય સામેથી ઍલેકઝેંડરનો પાછા ફરવાનો અને પંજાબમાં મેસેડોનિયન લશ્કરની હયાતીનો પણ ચંદ્રગુપ્તે લાભ લીધો. પંજાબના લોકોએ ચંદ્રગુપ્તને મગધનું રાજ્ય મેળવવામાં મદદ કરી હતી. અને એવા ઇરાદાથી કરી હશે કે મગધનું મહાન્ સૈન્ય પછી તેમની સ્વતંત્ર થવાની આશાને પૂરી કરે; કારણકે ચંદ્રગુપ્ત પોતાનો વિજય થયા પછી તે સૈન્યનો ઉપયોગ તેમના માટે કરે. ઍલેકઝેન્ડર કાર્મિનિયામાં હતો એટલામાંજ પંજાબના સુબા ફિલિપ્પોસનું હિંદિઓના હાથે ખૂન થયું; અને આ કામ ચંદ્રગુપ્તની ઉશ્કેરણીથી થયું હોય એમ લાગે છે. સરખાવો, મુદ્રારાક્ષસની અંદર પર્વતકના મૃત્યુની હકીકત. (પર્વતક=પરવઓ=પિરવઓ =ફિલિપ્પોસ) ( મુદ્રારાક્ષસ વિષયક મ્હારો નિબંધ, I. A. ઑક્ટોબર, ૧૯૧૩. )

૬ J. R. A. S. ( જર્નલ ઑફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ) I909, 2.

બુદ્ધદેવના નિર્વાણની તારીખ ઉપર તક્ષશીલાનો ઇતિહાસ એક રીતે અમુક પ્રકારનો પ્રકાશ પાડે છે. જ્યારે બુધ ઉપદેશ આપતા હતા ત્યારે તક્ષશિલા એ એક સ્વતંત્ર સંસ્થાનની રાજધાની હતી, ( BI. , P. 28. ) અને હિન્દી વિદ્યાનું એક મહાન્ કેન્દ્ર હતું. અશોકના અભિષેકનું વર્ષ બુ૦ નિ૦ પછીનું ૨૧૮ મું ગણી તેના ઉપરથી ગણના કરતાં બુદ્ધનો ઉપદેશ સમય ( ૪૪ વર્ષ ) ઇ. સ. પૂર્વે ૫૨૮ થી ૪૮૩ સુધીમાં આવી જાય છે. પરંતુ તક્ષશિલા લગભગ ઇ. સ. પૂર્વે ૫૦૫ વર્ષના અરસામાં હિન્દુ રાજધાની તરીકે રહી ન હતી. કારણ કે તેજ વર્ષે અથવા તો તેની આસપાસમાંજ તે ડેરીઅસના હાથમાં ચાલી ગઇ હતી. બુદ્ધના છેલ્લા વીશ વર્ષના અરસામાં તક્ષશિલા જો પર્શિઅનોના તાબે રહી હોત તો ભાગ્યેજ કોઇ તેને એક સ્વતંત્ર રાજધાની તરીકે અથવા તો એક મહત્વનું સ્થાન તરીકે ગણી શકત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન કાલગણુના ( Jaina chronology )

ડૉ૦ હોર્નલે સરસ્વતી ગચ્છની પટ્ટાવલીની ૧૮ મી ગાથાના આધારે વિક્રમ સંવત્‌ની શરૂઆત માટે ૪૭૦ પછી બીજાં ૧૬ વર્ષ વધારે લે છે. ગાથાનો અર્થ અથવા તો ભાવાર્થ એવો છે કે–વિક્રમ સોળ વર્ષની ઉમર સુધી ગાદિએ બેઠો હતો નહિં. એટલે કે ૧૭ મા વર્ષે તેનો અભિષેક થયો, અને એનો તાત્પર્યાર્થ એવો નીકળે છે કે તે સત્તરમા વર્ષના અંતમાં અથવા તો ૪૮૭ A. M. J. ના અંતે ગાદિએ બેઠો. આનું પરિણામ એ આવ્યું કે જૈનોએ વિક્રમ સંવત્‌ના પ્રથમ વર્ષ (ઇ. સ. પૂર્વે ૫૮–૫૭) ના અંતે અને ૪૭૦ A. M. J. પુરા થયાની વચ્ચે ૧૮ વર્ષનું અંતર મૂક્યું.[૭]

“ બ્રાહ્મણુ સામ્રાજ્ય ” નામના મ્હારા લેખમાં, મ્હેં સાબીત કર્યું છે, કે જૈનો વિક્રમ નામથી સાતકર્ણિ બીજાને ઓળખે છે (જે નહુપાનને તાબે કરનાર હતો અને જેના વિષે નીચે જુઓ—) કે જે લગભગ ઇ. સ. પૂર્વે ૫૭ વર્ષે મૃત્યુ પામ્યો. અથવા તો તેનો પુત્ર પુલુમાયિ કે જે તેના પછી તેજ વર્ષે ગાદિએ બેઠો, તેનો ઉલ્લેખ છે, અને મ્હારા પોતાના મત પ્રમાણે તો હવે પુલુમાયિ એજ જૈનોનો ખરો વિક્રમ છે. ( કારણ કે–લોકમાં તેનું બીજું અને ઘણું કરીને વધારે પ્રચલિત નામ ‘વિલવય’ હતું. ( कुरु=राजा ) [ સરખાવો, શિક્કાનું નામ विविलक ( A- ) पिलव, ( I- ) પુરાણોનો विलक, W. and H., 196; V. P. 452 n. ] આજ विलव ( विड़व ) અથવા पिलव ને, क નો ल ( ड़ ) થઇ ગએલો સમજી જૈનોએ તેનો विक्रम કરી ન્હાંખ્યો છે.[૮] માલવાના કાર્તિકાદિ (कृतेषु) સંવત્‌ના પહેલા વર્ષનો અને વિલવના રાજ્યારોહણુનો સમય એક હોવાથી, અથવા ઘણું કરીને તેઓનો પરસ્પર સમાનકાલ હોવાથી, તે બંને એકજ હોય, એમ માની લેવામાં આવ્યું છે.

પ્રદ્યોતોના સમયથી લઇ શકરાજ્ય[૯] અને વિક્રમ સંવત્ સુધીની જૈનકાલ ગણુના નીચે પ્રમાણે છે.

(અ) પાલક (જેનું પ્રદ્યોત પછી ગાદિએ આવવાનું વર્ણન પુરાણોમાંથી પણ મળી

૭. I. A. 20, Page 347, સરસ્વતી ગચ્છની પટ્ટાવલી, ડૉ૦ હોર્નલેની ૩૬૦ માં પૃષ્ટ ઉપરની ટીકા મહાવીરના નિર્વાણથી તે શક સુધી ૪૭૦ વર્ષ ( સરખાવો, I. A. 2. 363.) અને પછી વિક્રમ સંવત્‌ની શરૂઆત સુધી ૧૮ વર્ષ “ वीरात् ४९२—विक्रम—जन्मान्त वर्ष २२ राज्यान्त वर्ष ४ ” એટલે કે ૪૯૨ A. M. J.=૪ વિક્રમ સંવત્. ( પુરાં થયાં. )

૮ [ સરખાવો, चांडना ( हिन्दी ) चक्रमण ( संस्कृत ) सड़ ( हिं० ) सकृत् ( सं० ) अड़ ( हिं० ) अक ( सं ) अड़ाव ( हिं० ) अक्रम ( सं० ) विलम ( हिं० ધીમે ચાલવું )=विक्रम.

૯ I, A, II, 361; XX, 341.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે). જે રાત્રિએ મહાવીર નિર્વાણ પામ્યા તે રાત્રિએ ( અર્થાત્ દિવસે ) અવંતીની ગાદિએ બેઠા.

(બ) તેનાં ૬૦ વર્ષો પછી નન્દોના રાજ્યને એક અગત્યનો સમય ગણવામાં આવ્યો છે. અને તેઓના રાજ્યના એકંદર ૧૫૫ વર્ષ ગણેલાં છે. પુરાણોના હિસાબે, નંદવર્ધનથી તે છેલ્લાં નન્દ સુધી ૧૨૩ વર્ષ થાય છે અને તેટલા કાલ સુધી એ લોકોનું રાજ્ય ચાલ્યું. ૩૨ વર્ષનો જે વધારો છે તે આપણને ઉદાયીના રાજ્યના પ્રથમ અથવા બીજા વર્ષ આગળ લાવી મૂકે છે. એટલે કે પાલક-વંશનો લક્ષ્ય ખેંચવા લાયક બીજો એક અગત્યનો સમય, ઉદાયીના રાજ્યારોહણથી શરૂ થાય છે, પણ પુરાણો પ્રમાણે અજાતશત્રુના છઠ્ઠા વર્ષની (પાલકના રાજ્યારોહણ) અને ઉદાયીના અભિષેકની વચ્ચે આપણે ૬૪ વર્ષ મૂકીએ છીએ, જ્યારે જૈન કાલગણના પ્રમાણે પાલક ( એટલે પાલકવંશ ) ના ૬૦ જ વર્ષ છે.[10] આ રીતે ચંદ્રગુપ્તના સમયમાં પુનઃ ૪ વર્ષનો ફરક આવે છે, અને તેથી તે મહાવીર પછી ૨૧૫ અથવા ૨૧૯ વર્ષે ગાદિએ બેઠા એમ જુદી જુદી તારીખો આપવામાં આવે છે. આપણે આગળ જોઇશું તેમ, આ તફાવત શુંગ સમયની શરૂઆત સુધી બરાબર કરવામાં આવ્યો ન હતો અને તેથી તે પાછળથી કરવામાં આવ્યો હશે.

(ક) મૌર્યોના રાજ્યકાલના વર્ષસમૂહના બે વિભાગો કરવામાં આવ્યા છે. ૧૦૮ અને ૩૦. (એકંદર ૧૩૮ વર્ષ અને પુરાણો પ્રમાણે ૧૩૭) તેમાં ૧૦૮ વર્ષ મૌર્યવંશના છે અને ૩૦ વર્ષ પુષ્યમિત્રના છે. બીજા શબ્દોમાં બોલીએ તો પુષ્યમિત્રનું પહેલું વર્ષ તેજ તેના છેલ્લા વર્ષ તરીકે જણાય છે. અને બલમિત્ર–ભાનુમિત્ર (બલમિત્ર વંશનો ભાનુમિત્ર?) ના ૬૦ ગણી સમય બરાબર કર્યો છે. આ ગણના આપણને મહાવીર પછી ૪૧૩ વર્ષ સુધી લઇ આવે છે. ૪૦ વર્ષનો બીજો આંકડો નહપાણના રાજ્યકાલ માટે આપ્યો છે.[11] છેલ્લા અંકોમાં ૧૩ વર્ષ ગર્દભિલ્લના રાજ્યના છે અને ૪ શકરાજ્યના છે. આવી રીતે એકંદર સંખ્યા ૪૭૦ થાય છે. અહિંઆ ગાથાઓની ગણના બંધ થાય

૧૦ અજાતશત્રુ ૨૯,
દરશક ૩૫,
૬૪.

૧૧ 'બ્રાહ્મણ સામ્રાજ્ય' નામના મ્હેં મ્હારા લેખમાં નહપાણની તારીખની ચર્ચા કરી છે. (અને તે સમય ૧૩૩–૯૩ B. C. છે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તે પ્રથમ શકોના પરાજયથી સમાપ્તિ પામે છે.[૧૨] વિક્રમસંવત્ અને આ ગણનાનો (૪૭૦, મહાવીર પછી) પરસ્પર સંબંધ મેળવવા, જૈનો ઉપર જણાવ્યા પ્રમાણે વચ્ચે ૧૮ વર્ષનો આંતરો મૂકે છે.[૧૩]

ગાથા, મહાવીરના નિર્વાણનું વર્ષ (૧૭+૫૮+૪૭૦=) ઇ. સ. પૂર્વે ૫૪૫ મું આપે છે, કે જેને જૈનો, મહાવીર પછી ૪૭૦ વર્ષે, વિક્રમ જન્મ અને તેના ૧૮ માં વર્ષે વિક્રમરાજ્ય પ્રારંભ; એમ જણાવે છે. મહાવીર કાર્તિક વદી ૦))ના દિવસે નિર્વાણ પામ્યા અને વિક્રમના કાર્તિકાદી સંવત્‌ની શુરૂઆત થઇ તે વચ્ચે ૪૭૦ અને ૧૮ વર્ષ પૂરેપૂરાં પસાર થઇ ગયાં હતાં. હવે આ પ્રમાણે ચંદ્રગુપ્તના રાજ્યારોહણનું પ્રથમ વર્ષ, કે જે મહાવીર પછી ૨૧૯ વર્ષે આવે છે, તે ઇ. સ. પૂર્વે ૩૨૬ ના નવેંબરના કોઇક દિવસની અને ઇ. સ. પૂર્વે ૩૨૫ ના ઓકટોમ્બર-નવેમ્બરના અંતની વચ્ચે આવે. જૈનોના અહેવાલ પ્રમાણેની આ તારીખ, અશોકના શિલાલેખો પ્રમાણેની તવારીખ અને તેની ગ્રીસના રાજાઓની સમકાલીનતા સાથે બરાબર મળતી આવે છે.[૧૪]

## હેમચંદ્રાચાર્યની ભૂલ.

હેમચંદ્રાચાર્યે પ્રદ્યોતોના જે ૬૦ વર્ષ મૂકી દીધા છે, તે તેમની એક મ્હોટી ભૂલ છે અને તે સ્પષ્ટજ છે. કારણકે જો આપણે શુરૂઆતના તે ૬૦ વર્ષ મૂકી દઇએ તો, ચંદ્રગુપ્ત, સ્થુલભદ્ર, સુભદ્ર અને ભદ્રબાહુની સમકાલીનતામાં વિરોધ આવે છે. પ્રો૦ જેકોબીએ મધ્યકાલીન હેમચંદ્રના આ ભાંગ્યાતુટ્યા અહેવાલને પોતાની ગણનામાં પાયા તરીકે લીધો છે. અને આમ કરવામાં, પાલી-લેખોમાં આપેલા અશોકના અભિષેકના ભૂલભરેલા સમયની અને તેના ઉપર બાંધેલી નિર્વાણકાલ-ગણનાની તેમના ઉપર વધારે અસર થઇ છે.

પાલી લેખોમાં આપેલા સમય ઉપર બાંધેલી ગણતરીએ, એજ લેખોમાં લખાયલી અશોકના અભિષેકની તારીખ અને પૂર્વપરંપરાથી ચાલતી આવેલી તવારીખ વચ્ચે લગભગ ૬૦ વર્ષનો તફાવત મૂક્યો છે. હેમચંદ્રાચાર્યની ભૂલથી જૈન તવારીખમાં પણ ૬૦ વર્ષ છોડી દેવામાં આવેલા હોવાથી, આ ગણના-એકતાએ, કાલગણના વિષે સંકુચિત દૃષ્ટિ રાખનારા આધુનિક અભિપ્રાયને મજબુત બનાવ્યો

૧૨ આ શકોનો પરાજય સાતકર્ણિ બીજાએ કર્યો હતો......જ્યોતિષિઓનો વિક્રમાદિત્ય તે બીજો શાતકર્ણિ છે અને જૈનોનો વિક્રમ તે પુલુમાયી છે.

૧૩ જૈન તવારીખને ઉજ્જૈનની તવારીખ કહી શકાય. તે પાલકના રાજ્યથી શરૂ થઇ નહપાણ સુધી આવે છે અને પછી માલવ સંવત્‌થી પ્રારંભ થાય છે.

૧૪ જુઓ. અશોકના અભિષેક ઉપર મ્હારો લેખ. J. A. S. B. ઓગષ્ટ-સપ્ટેંબર ૧૯૧૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. પરંતુ પ્રદ્યોતનો પુત્ર પાલક કે જે અજાતશત્રુનો સમકાલીન હતો તે મહાવીર-નિર્વાણ પછીના દિવસે અથવા વર્ષે ગાદિએ બેઠો, એ માનવું સ્વાભાવિક અને સ-પ્રમાણ છે. હેમચંદ્રાચાર્યના કથન પ્રમાણે, મહાવીર-નિર્વાણ પછી તુરતજ નંદ-વંશનું રાજ્ય શરૂ થયું એ માનવું તદ્દન ભૂલભરેલું અને અપ્રમાણિક છે.

## ઉપસંહાર.

ઉપર જે ઉહાપોહ કરવામાં આવ્યો છે તેનો સારાર્થ એ નિકળે છે કે-પુરાણોની ગણના પ્રમાણે બુદ્ધના નિર્વાણનું સંવત્સર ઈ. સ. પૂર્વે ૫૪૪ મું વર્ષ આવે છે. આ તારીખને જૈન કાલગણના પણ પુષ્ટિ આપે છે. અને બૌદ્ધગ્રંથ દીપવંશની અંદરથી પણ એવી હકીકત મળી આવે છે કે જે આ નિર્ણયને મજબુત કરે છે. અને આ બધા ઉપરથી એ સિદ્ધ થાય છે કે બૌદ્ધધર્મિઓનો, તેમના ધર્મસંસ્થાપકના નિર્વાણ-સમય માટે વર્તમાનમાં જે અભિપ્રાય છે, તે યથાર્થ ઠરે છે. બીજો સારાર્થ એ નિકળે છે કે મહાવીરના નિર્વાણ-સમય વિષે જૈનગ્રંથોમાં આપેલા અહેવાલને પુરાણોમાંથી ટેકો મળે છે.[૧૫]

વાસ્તવિક રીતે સીલોનના પાલી-લેખોનો પુરાણની ગણના સાથે વિરોધ નથી. તે તેને પૂર્ણ કરે છે અને પુષ્ટિ આપે છે તથા તેનાથી પૂર્ણ થાય છે અને પુષ્ટિ મેળવે છે. નંદોના વિષયનો ઘોટાળો, કે જેના પરિણામે, સૈકાઓ સુધી બીજા ઘોટાળાઓ ઉદ્ભવ્યા હતા તે દૂર થવાથી જૈન કાલગણનાની ખરી કિંમત જણાઈ આવે છે.[૧૬]

---

૧૫ ડો. હોર્નલેએ જૈનકાલગણનામાંનો ઘણો ઘોટાળો દૂર કર્યો છે.
( જુઓ, ઇન્ડિઅન એન્ટીકવેરી, પુ. ૨૦, પૃષ્ટ ૧૩૦ )

૧૬ સંપ્રતિ અને સુહસ્તી વિષે જે તારીખ આપેલી છે તે ભૂલ ભરેલી છે, બધી પ્રતોનો સંપ્રતિની તારીખ વિષે એક મત નથી, ( ઇ. એ. પુ. ૧૧, પૃ. ૨૪૬ ) તેઓ ૨૦૨ A. M. J. અને ૨૩૫ A. M. J. ની વચ્ચે હતા. ( તેજ ઠેકાણે જુઓ. ) જ્યારે ચંદ્રગુપ્તની તારીખ તરીકે ૨૧૯ થી ૨૪૩ A. M. J. નાં વર્ષો ગણી લીધાં છે. પુરાણોના આધારે કરેલી ગણના પ્રમાણે ૨૩૫ A. M. J. ના બદલે તેની ખરી તારીખ ( ઇ. સ. પૂર્વે ૨૨૦; ૫૪૫-૨૨૦= ) ૩૨૫ A. M. J. છે. ( જુઓ, એપેંડીક્સ, C. ) શ્વેતાંબર જૈનો, સુહસ્તી કે, જે સંપ્રતિના સમકાલીન હતા, તેમની વિદ્યમાનતાના વર્ષ તરીકે ૨૬૫ A. M. J. વર્ષને ગણે છે. પણ શ્વેતાંબર જૈનો પાલકના શરૂઆતના ૬૦ અથવા વધારે-ખરી રીતે ૬૪-વર્ષો ( જુઓ, વિભાગ ૩૪, બ. ) મુકી દે છે. તેથી સુહસ્તીની ખરી તારીખ ૨૬૫+૬૦+૪=૩૨૯ A. M. J. છે. આ તેમના સ્વર્ગવાસની તારીખ છે, આ પ્રમાણે સુહસ્તી, સંપ્રતિના ગાદીનશીન થયા પછી ચાર વર્ષે દેવલોક પામ્યાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ત્રણે સંપ્રદાયોનાં કથનોમાં જો કે કેટલોક પરસ્પર વિરોધાભાસ દેખાય છે પરંતુ ભાવાર્થ એકજ છે. આ ત્રણે આસ્તિક-નાસ્તિક પંથો ખરેખરા ઈતિહાસને અનુસર્યા છે, અને તેનું રક્ષણ કર્યું છે. બે હજાર વર્ષ જેટલા લાંબા સમયમાં જે કાંઇ ભૂલો પેસી ગઇ છે તે આવી રીતે થોડી મહેનતે અને થોડું ધ્યાન આપે દૂર કરી શકાય એવી છે.

* * * * *

આ લેખના સૂક્ષ્મ અવલોકનથી સમજાશે કે શ્રીયુત જાયસવાલે જૈન દંતકથા અને તેની પુરાણી ગાથાઓને બૌદ્ધ અને હિંદુપુરાણ ગ્રંથોની સાથે કેવી ઉત્તમ રીતે સંબદ્ધ ઠરાવી છે, અને આજ લગભગ બે હજાર વર્ષ જેટલા દીર્ઘકાળ સુધી, ભારતના ઇતિહાસ-યુગના આદિભૂત ઉલ્લેખોમાં, જે પરસ્પર વિરોધ અને અસંગતતા પુરાતત્ત્વજ્ઞોને જણાતી હતી તેનો કેવી ઉત્તમ પદ્ધતિએ નિકાલ આણ્યો છે. અલબત્ત શ્રીયુત જાયસવાલના વિચારોનો સર્વાંશે સ્વીકાર હજી સુધી વિદ્વાનો તરફથી થયો ન હોય, કે તેમાં કાંઇ કાંઇ અંશે મતભેદ હોય, તો તે સ્વાભાવિક છે; પરંતુ ભારતના પ્રાચીન ઇતિહાસના નિરીક્ષણનું એક જૂદુંજ દૃષ્ટિબિંદુ વિચારક જગત્ આગળ ઉપસ્થિત કરી, ઇતિહાસના ગુંચાયેલા કોકડાનું નવીજ પદ્ધતિએ પ્રથક્કરણ કરવાનું એક અત્યુત્તમ સાધન દેખાડી આપ્યું છે, તેમાં કોઇનો સંશય નથી. અને જૈન કાળગણના તથા મહાવીર-નિર્વાણ-સમયના વિષયના તેમના વિચારો મ્હને તો ઘણે અંશે ગ્રાહ્ય જણાયા છે. તોપણ જો કોઈ વિદ્વાન્ના મનમાં આ સંબંધી મતભિન્નતા જણાતી હોય, તો તેણે અવશ્ય આવી રીતે જાહેર ઉહાપોહ કરીને, આપણા શ્રમણ ભગવાન્ શ્રીમહાવીરદેવના નિર્વાણસમયનો સદાને માટે નિર્ણય કરી નાખવો જોઇએ. જ્યાંસુધી આ રીતે, કોઇ પ્રમાણિકપણે શ્રીયુત જાયસવાલના નિર્ણયમાં શંકા ઉપસ્થિત ન કરી શકે અને આ વિચારમાં સપ્રમાણ મતભેદ ન જણાવી શકે ત્યાંસુધી, હવે આપણે એજ નિર્ણયને કબૂલ રાખવો જોઇએ અને હવે પછી વીર-નિર્વાણ સંવત્ એજ ગણતરીએ લખવાનો વ્યવહાર અને પ્રચાર

---

ચંદ્રગુપ્ત અને સુહસ્તીના નિર્વાણની વચ્ચે શ્વેતાંબર જૈનો ૧૦૯ અથવા ૧૧૦ વર્ષ મુકે છે. ( ડો. જેકોબીની પરિશિષ્ટપર્વની પ્રસ્તાવના પૃ. ૫ ) આ હકીકત પુરાણોક્ત કથન સાથે મળતી આવે છે. ( જુઓ એપેંડીક્સ સી. પ્રકરણ ૨૪-૨૫ ) ૨૪ વર્ષ ચંદ્રગુપ્ત, ૨૫ વર્ષ બિન્દુસાર, ૪૦ વર્ષ અશોક, ૮ વર્ષ કુનાલ, ૮ દશરથ, ૪ સંપ્રતિના રાજ્યના=એકંદર ૧૦૯ સરખાવો એપેંડીક્સ બી. ૩

હેમચંદ્ર અને બીજાઓના લેખો પ્રમાણે જૈન રાજપરંપરા નીચે પ્રમાણે છે.

A. શ્રેણિક (બિંબીસાર). B. કૂણિક (અજાતશત્રુ); (અવંતીમાં પાલક). C. ઉદાયી. D. નન્દ (નન્દ-વર્ધન) અને બીજા નંદો. E. ચંદ્રગુપ્ત. F. બિન્દુસાર. G. અશોકશ્રી. H. ( કુનાલ ). I. સંપ્રતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવો જોઇએ. આવતા નવા વર્ષના છપાતા જૈન પંચાંગોમાં વીર સંવત્ ૨૪૪૫ ના બદલે ૨૪૬૩ લખવા જોઇએ. આશા છે કે–જૈન પંચાંગ પ્રકાશકો અને જૈન પત્ર સંપાદકો આ બાબત ઉપર લક્ષ્ય આપશે.

ભારત જૈન વિદ્યાલય,
પૂના.
શ્રાવણ શુકલ ૫

મુનિ જિનવિજય.

## પરિશિષ્ટ.

ઉપર જે લખવામાં આવ્યું છે, તે શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે શ્રીયુત જાયસવાલના એક ઇંગ્રેજી વિસ્તૃત નિબંધના થોડાક ભાગના ભાષાંતરરૂપે છે. એ નિબંધમાં તેમણે જૈન કાળગણના સંબંધી વિસ્તૃત વિવેચન કરેલું છે, અને તે આ લેખ ધ્યાનપૂર્વક વાંચી જવાથી તેનો કાંઇક ખ્યાલ આવી જશે. આ ઇંગ્રેજી નિબંધ લખ્યા પહેલાં, ૪–૫ વર્ષ અગાઉ જ્યારે શ્રીયુત જાયસવાલ **पाटली पुत्र** નામના હિન્દી પત્રના સંપાદક હતા ત્યારે તે પત્રમાં તેમણે એક ન્હાનો સરખો લેખ, જૈનનિર્વાણ સંવત્ ઉપર હિન્દીમાં લખ્યો હતો. એ લેખ પણ આ વિષયનેજ લગતો છે અને સંક્ષિપ્તમાં લખાયેલો હોઈ સહજ સમજવા જેવો છે તેથી તે પણ, તેમનીજ ભાષામાં, જૈન હિતૈષી માસીક પત્રના ૧૧ મા ભાગના પ્રથમ અંકમાંથી અત્ર ઉદ્ધૃત કરૂં છું.

## जैन निर्वाण–संवत् ।

जैनों के यहां कोइ २५०० वर्षकी संवत्–गणना का हिसाब हिन्दुओं भर में सब से अच्छा है । उस से विदित होता है कि पुराने समयमें ऐतिहासिक परिपाटी की वर्षगणना यहां थी । और जगह लुप्त और नष्ट हो गई, केवल जैनोंमें बच रही । जैनों की गणना के आधार पर हमने पौराणिक और ऐतिहासिक बहुत सी घटनाओं को जो बुद्ध और महावीर के समय से इधर की है समयबद्ध किया और देखा कि उन का ठीक मिलान जानी हुई गणना से मिल जाता है । कई एक ऐतिहासिक बातों का पत्ता जैनों के ऐतिहासिक लेख पट्टावलियो में ही मिलता है । जैसे नहपान का गुजरात में राज्य करना उस के सिक्कों और शिला-लेखों से सिद्ध है । इस का जिक्र पुराणों में नहीं है । पर एक पट्टावली की गाथा में जिसमें महावीरस्वामी और विक्रमसंवत् के बीच का अन्तर दिया हुआ है नहपाण का नाम हमने पाया । वह 'नहवाण' के रूप में है । जैनों की पुरानी गणना में जो असंबद्धता योरपीय विद्वानों द्वारा समझी जाती थी वह हमने देखा कि वस्तुतः नहीं है ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यह सब विषय अन्यत्र लिख चुके हैं। यहां केवल निर्वाण-संवत् के विषय में कुछ कहा जायगा।

महावीर के निर्वाण और गर्दभिल्ल तक ४७० वर्षका अन्तर पुरानी गाथा में कहा हुआ है जिसे दिगंबर और श्वेतांबर दोनों दलवाले मानते है। यह याद रखने की बात है कि बुद्ध और महावीर दोनों एक ही समय में हुए। बौद्धों के सूत्रों में तथागत का निर्ग्रन्थ नाटपुत्र के पास जाना लिखा है। और यह भी लिखा है कि जब वे शाक्यभूमि की और जा रहे थे तब देखा कि पावा में नाटपुत्र का शरीरान्त हो गया है। जैनों के 'सरस्वती गच्छ' की पट्टावली में विक्रमसंवत् और विक्रमजन्म में १८ वर्ष का अन्तर मानते हैं। यथा—"वीरात् ४९२ विक्रम जन्मान्तर वर्ष २२, राज्यान्त वर्ष ४॥" विक्रम विषय की गाथा की भी यही ध्वनि है कि वह १७ वें या १८ वें वर्ष में सिंहासन पर बैठे। इस से सिद्ध है कि ४७० वर्ष जो जैन-निर्वाण और गर्दभिल्ल राजा के राज्यान्त तक माने जाते हैं, वे विक्रम के जन्म तक हुए—(४९२-२२=४७०) अतः विक्रमजन्म (४७० म० नि०) में १८ और जोड़ने से निर्वाण का वर्ष विक्रमीय संवत् की गणना में निकलेगा अर्थात् (४७०+१८) ४८८ वर्ष विक्रम संवत् से पूर्व अर्हन्त महावीर का निर्वाण हुआ। और विक्रम संवत् के अब तक १९७१ वर्ष बीत गए हैं, अतः ४८८ वि० पू० १९७१=२४५९ वर्ष आजसे पहले जैन-निर्वाण हुआ*। पर "दिगंबर जैन" तथा अन्य जैन पत्रों पर वि० सं० २४४१ देख पडता है। इस का समाधान यदि कोई जैन सज्जन करें तो अनुग्रह होगा। १८ वर्ष का फर्क गर्दभिल्ल और विक्रम संवत् के बीच गणना छोड देने से उत्पन्न हुआ मालूम देता है। बौद्ध लोग लंका, श्याम, वर्मा आदि स्थानो में बुद्ध निर्वाण के आज २४५८ वर्ष बीते मानते हैं। सो यहां मिलान खा गया कि महावीर, बुद्ध के पहले निर्वाण-प्राप्त हुए नहीं तो बौद्ध गणना और 'दिगंबर जैन' गणना से अर्हन्त का अन्त बुद्ध-निर्वाणसे १६-१७ वर्ष पहले सिद्ध होगा. जो पुराने सूत्रों की गवाही के विरुद्ध पडेगा!

---

* वर्तमानमें १९७४ विक्रम और २४६२ वीर संवत् है.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અભિનવ વર્ષના ઉદ્ગારો.

સર્વત્ર **વિચાર, ભાવના,** અને કાર્ય--એ ત્રિપુટીનો યોગ સિદ્ધ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી સર્વ જૈન સમાજનું ભાવી સ્વરૂપ ઉજ્વલ અને દેદીપ્યમાન બને એવી ઉમદા આશા હૃદયમાં સદા ધારણ કરનારૂં અને જૈન સમાજમાં ઐક્ય અને ઉન્નતિ સાધવાનું સામર્થ્ય જોવાને સદા ઉત્સુક રહેનારૂં આ **આત્માનંદ પ્રકાશ** યુરોપના મહાન યુદ્ધની શાંતિ જલદીથી થાય અને પ્રતાપી બ્રીટીશ મહારાજ્ય અને મિત્ર રાજ્યોનો વિજય થાય એમ પ્રાર્થના કરતાં સોળમાં વર્ષમાં પ્રવેશ કરે છે. આ અભિનવ યૌવન વયને સંપૂર્ણ ખીલવવા માટે આ માસિક હવે નવ નવા સાધનો મેળવવાની ઉત્સુકતા ધરાવે છે. સાંપ્રતકાલે સંક્રાંતિ યુગ ચાલે છે, નવેસર સમાજ રચનાના વિચારોનુ મંથન થઇ રહ્યું છે. વિવિધ પ્રકારની યોજનાઓ ચર્ચાય છે, સેવામય પ્રવૃત્તિના વિચારમાં ઉન્નત જીવન પરોવાયલા થતાં જાય છે. પ્રજા જીવન નવીન વિચાર અને ભાવનાથી તરવરી રહ્યું છે, પ્રજાના જીવન સૂત્રો ઉપર વિવિધ વિચારોના ભાષ્યો રચાય છે, અને પ્રજા વિષમ દુઃખ અને વિવિધ વિપત્તિઓ પોતાના બ્રીટીશ મહારાજ્યના અંતિમ વિજય માટે સુખેથી સહન કરી રહેલ છે.

આવા બારીક સમયમાં પણ આ માસિક પોતાના નવયૌવનના સોળમા વર્ષમાં પ્રવેશ કરી જૈન સમાજનું ભાવિસ્વરૂપ ઉજ્જવળ કરવા ઇચ્છા રાખે છે. ગત વર્ષ પશ્ચિમના મહાન વિગ્રહને લઇને મોંઘવારીના કઠોર પ્રહારને આપતું પ્રસાર થયું છે, તથાપિ પ્રતાપી ન્યાયી બ્રીટીશ રાજ્યના શીતળ છાયા નીચે શાંતિનો અનુભવ કરતું અને ગુણજ્ઞ ગ્રાહકોના આશ્રય બળથી પણ મુદ્રાલયના સાધનોની મુશ્કેલીમાંથી પ્રસાર થતું **આ આત્માનંદ પ્રકાશ** પોતાના વેગને અટકાવી શકયું નથી અને બાહ્ય અને આંતરસ્વરૂપ અબાધિત રાખી શકયું છે એ શ્રી ગુરૂરાજના પવિત્ર નામનોજ પ્રભાવ છે. આ ઉમદી ઇચ્છા પૂર્ણ કરવા માટે એ માસિક ગુરૂ અને ધર્મ એ ઉભય તત્વોના આશ્રયને પ્રધાન માને છે. ગુરૂતત્વના આશ્રય બળથી મનુષ્ય જીવનનો સર્વોત્તમ ઉદ્દેશ સમજાય છે. "પુરૂષાર્થનું તત્વ શું છે ? હૃદયની ઉચ્ચ ભાવના સાથે એકાગ્રતા કેવી રીતે થાય ? ઉચ્ચ જ્ઞાનનું દર્શન, પ્રબોધન, શ્રવણ અને મનન સાથે તદ્રુપતા કેમબને ? પોતાના સ્વરૂપનું પ્રતિબિંબ પોતાનાજ હૃદય દર્પણમાં શી રીતે પડે ? સંસારના વિષમ માર્ગો તરફ તુચ્છતા શી રીતે ઉપજે ? આખા વિશ્વથી અભેદત્વ શીરીતે અનુભવાય ? સર્વ તરફ મૈત્રી તથા પ્રેમના તત્વ સાથે કેવે પ્રકારે તન્મય થવાય ? અને આત્માના આનંદ ઉદધિના કલ્લોલમય હૃદયમાં રમી રહેલા પ્રકાશને પરમાત્માના મહા પ્રકાશની સમીપ શી રીતે લઇ જવાય ?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બધા પ્રશ્નોનું નિરાકરણ ગુરૂતત્ત્વના પ્રભાવથીજ થઇ શકે છે, તેથી એવા મહાન્ ગુરૂતત્વના નામ સ્વરૂપને ધારણ કરી **આત્માનંદ પ્રકાશ** પોતાના નવ યૌવનના વિલાસો ભોગવવાની સંપૂર્ણ આશાઓ સફળ થવાની આકાંક્ષા રાખે છે.

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર સ્થંભોને આધારે ટકી રહેલો સંઘ રૂપી પ્રાસાદની શીતળ અને સુધામય છાયામાં વર્તતો સર્વ જૈન સમાજ નિત્ય નવી ચેતના, નવી શાંતિ અને નવી શકિત સંપાદન કરે, હાલ ભારત વર્ષ ઉપર વર્ત્તતા શ્રી વીરશાસનના મહાન્ ધર્મરાજ્યની આજ્ઞાઓને માન આપી પોતાની ચિત્તભૂમિ ઉપર આગમ રૂપ ઉદધિમાંથી પ્રગટ થયેલા ધર્મ તથા સંસારના સાહિત્ય રત્નના મધુરબીજ વાવી તે ભૂમિને અતિ રસવતી અને ફલદ્રુપ બનાવે અને ઉચ્ચ ભાવનાના સિંહાસન ઉપર રહી જૈન ધર્મની સાધનાઓ અને આરાધનાઓ કરી પોતાના સંકલ્પોને સિદ્ધ કરે, તે આ આત્માનંદ પ્રકાશની અંતરંગ ઇચ્છા છે. અને તે ઇચ્છા પૂર્ણ કરવા માટે તે પોતાનું સમગ્ર સામર્થ્ય દર્શાવવાને ઉત્સુક થઈ રહ્યું છે. આ માસિક જૈનધર્મ અને જૈન સંસારની પુરાણી અને પ્રાચીન પદ્ધતિને સંપૂર્ણ માન આપે છે, છતાં પણ તે દેશ તથા કાળને અંગે થયેલા પરિવર્ત્તનો તરફ દષ્ટિરાખી નવીન સુધારણાનો ઉજ્વલ અને યોગ્ય માર્ગ ગ્રહણ કરાવવાને ઇંતેજાર છે. તેથી તે જૈન સમાજને તે માર્ગ તરફ દોરવાને સદા તત્પર રહે છે; તે કારણને લઇને આ માસિક એવા ઉપદેશો આપે છે કે જેથી જૈન સમાજ પોતાના ધર્મમાં અભિમાની બને, પણ ધર્માંધ ન બને, સામાજિક મહત્વના પ્રશ્નો ચર્ચે, પણ કલહના મલિન માર્ગમાં ઉતરે નહીં; સમાજના જીવનને પ્રગતિ મળે તેવાં કાર્યો કરે, પણ મર્યાદાનુ ઉલ્લંઘન ન કરે; ઉચ્ચ કેળવણીના સાધનો ઉભા કરે, પણ ધર્મને ભૂલી ન જાય; ગુરૂ વર્ગનું ગૌરવ વધારે પણ તેમને વિનય પૂર્વક યોગ્ય સૂચના આપવાની હીંમત રાખે; શ્રીમંત શેઠીઆઓને સન્માન આપી આગળ કરે, પણ તેમની સત્તાનો દુરૂપયોગ ન થાય એ ધ્યાનમાં રાખે, સ્ત્રી કેળવણીની વૃદ્ધિ કરવા મથન કરે, પણ તે કેળવણીને નિર્દોષ બનાવે, ટુંકામાં તે સમાજને નવીન સુધારા વધારા કરવાનું મહત્ કાર્ય આ કાળે આવશ્યક છે પણ તેની અંદર અનેક પ્રકારની સાવધાની રાખવાની છે, એ વાત લક્ષમાં રાખી આ માસિક પોતાના અંતરંગ સ્વરૂપની પ્રતિષ્ઠા વધારવા સદા જાગૃત રહે છે અને તે જાગૃતિ રાખવામાં તેને અસાધારણ સામર્થ્ય પ્રાપ્ત થાય, એવા હેતુથી તે આ નવીન વર્ષે પરમ આનંદ સ્વરૂપ પરમ **આત્માના આરામ** રૂપ અને ચિદાનંદમય શ્રી વીતરાગ પ્રભુને ત્રિકરણ શુદ્ધિથી વંદન કરે છે.

સમાજના પ્રશ્નોના વિચાર, અભ્યાસ અને નિર્ણય કરવા માટે વેગવતી પ્રવૃત્તિ હાલ જેમ ચાલી રહી છે તેમ આપણા જૈન સમાજના સંબંધે પણ કેટલાએક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાપારના પ્રસંગો વિચિત્ર રૂપે દેખાયા છે, કેટલાએક મીલપતિઓ અને કાપડીઆ જૈનો શ્રીમંતાઇની છાયામાં આવી શકયા છે, પણ તે સાથે કેટલાએકને હીનદશાનો પણ અનુભવ થયો છે. તંગી અને મોંઘવારીનો પ્રહાર વિકટ હોવાથી મધ્યમ નોકરીયાત અને ગરીબ જૈનવર્ગની દશા તો તેવીને તેવી રહી છે. જૈનોના ધર્મ અને સંસારસુધારાના કાર્યોને માટે ગત વર્ષ વિશેષ વધી શકયું નથી, તથાપિ કેટલેક સ્થળે ઉત્સાહના ઝાંખા દેખાવવાળી પરિષદો અને અધિવેશનોમાં સામાજીક પ્રવૃત્તિના થોડાં ઘણાં પણ કાર્યો થયાં છે. નવીન સંસ્કૃતિના તાત્વિક સિદ્ધાંતો ધ્યાનપર લેવાને કેટલાએક મુનિમહારાજાઓએ સારી પ્રવૃત્તિ કરીને જૈન સમાજનું શ્રેય સાધ્યું છે, એમ જૈન સમાજને કબુલ કરવું પડશે.

ગત વર્ષે આ માસિકે એકંદર ૫૩ વિષયોના લેખરત્નની સુંદર રત્નમાળા ગુંથી પોતાના ગુણજ્ઞ ગ્રાહકોના આસ્તિક હૃદય ઉપર આરોપણ કરી છે. પ્રથમ પૂર્વના ક્રમાનુસાર પ્રભુસ્તુતિ અને ગુરૂસ્તુતિની માંગલ્ય ક્રિયા કરી અને આ માસિકના ગૌરવને સમજનારા ગ્રાહકોને આશીર્વાદથી અભિનંદન આપી તે મનોહર રત્નમાળાનું રમણીય ગ્રથન કરવામાં આવ્યું છે. વિવિધ જ્ઞાનના જડતરથી એ રત્નમાળાને નવરંગિત અને આકર્ષક બનાવનારા વિદ્વાન્ લેખકોને આ માસિક આભારપૂર્વક અભિનંદન આપે છે. આ રમણીય રત્નમાળામાં આ માસિકના સદા શુભેચ્છક અને પોષક જુના લેખકોએ પોતાના નવીન લેખરૂપી રત્નોની યોજના કરી તે રત્નમાળાને જે અતિ રમણીય બનાવી છે તેને માટે આ માસિક તેઓનો અંતઃકરણથી વિશેષ આભાર માને છે.

જૈન ઇતિહાસ અને પ્રાચિન શોધખોળને માટે મહાન્ પ્રયત્ન કરી જૈન સાહિત્ય ઉપર પ્રકાશ પાડનારા, જૈન ઐતિહાસિક અનેક ગ્રંથો લખી જૈન અને જૈનેતર પ્રજામાં શોધકબુદ્ધિ અને લેખની માટે સુપ્રસિદ્ધ થયેલા તેમજ જેમના લેખો ગુજરાતી અને હિંદી બંને ભાષામાં વિદ્વતાપૂર્ણ છે, તેવા પ્રભાવશાળી મહાત્મા મુનિરાજ શ્રી **જિનવિજયજી** મહારાજે જૈન ઐતિહાસિક સાહિત્યના અમૂલ્ય રત્નો તે રત્નમાળામાં પરોવ્યાં છે, તે રત્નમાળાની અંદર 'જૈન શાળાના શિક્ષકો કેવા હોવા જોઇએ?' 'પ્રશ્નોત્તર રત્નમાળા,' 'શાસ્ત્રબોધ,' 'દયાધર્મ માટે આપ્તપુરૂષોનો ઉપદેશ,' 'વીતરાગ પ્રણીત પવિત્ર ધર્મમાર્ગ,' 'આદિનાથ સ્તવન રહસ્ય,' અને 'વિનયના વિવિધ પ્રકાર,' એ સદબોધક વિષયોના પ્રકાશમાન રત્નોની ઘટના મુનિરાજ શ્રી **કર્પૂરવિજયજી** મહારાજે કે જેઓના લેખો ઉંડી લાગણી બતાવનાર, સરલ સાદી ભાષામાં હોઇને તેવું ઘણું વાંચન જેઓએ જૈન પ્રજાને પુરૂં પાડયું છે તેજ મહાત્માએ ઉત્સાહપૂર્વક કરી છે. વર્ત્તમાનકાળે જૈનવર્ગમાં એક સારા લેખક તરીકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાહેર આવેલા શ્રીયુત **અધ્યાયી** કે જેઓ ઇંગ્રેજી તત્વજ્ઞાનના ઉંડા અભ્યાસી છે અને જેના લેખો ગંભીર અને વિદ્વતાપૂર્ણ હોઇ ઉચ્ચ શૈલી અને ગંભીર રહસ્યપૂર્ણ છે. તેઓએ 'આસક્તિ રહિત ધર્મ' અને 'અનિત્યત્વ' એ બે લેખરૂપી મુક્તાફળોને તે રત્નમાળામાં પરાવ્યાં છે. મુનિશ્રી **ક્ષમાનંદે** 'સંવત્સરી ક્ષમાપના' રૂપ એક ચળકતો હીરો તે રત્નમાળામાં જડયો છે. શ્રીયુત **જિજ્ઞાસુ** ઉમેદવારે 'વીર પ્રબોધક' નું એક રસિક પદ્યરત્ન પરોવી તે રત્નમાળાને દીપાવી છે. અને તેજ લેખકે આ માસિકની ભાવ પ્રતિમારૂપ 'શ્રી આત્મારામજી મહારાજની જયંતી' નું એક કાવ્યરત્ન અર્પી તે રત્નમાળાને અધિક દેદીપ્યમાન કરે છે. વડોદરા નિવાસી વકીલ **નંદલાલ** લલુભાઇ કે જેઓ એક વિચારક, ઠરેલ બુદ્ધિના અને અંતઃકરણની લાગણીપૂર્વક સરલ ભાષામાં પોતાના વિચારો જણાવનારા એક લેખક છે. તેમણે 'પંનરમા વર્ષમાં પ્રવેશ' એવા એક લેખરૂપ મણિથી તે રત્નમાળાને વધારી છે. જૈન સમાજની ઉચ્ચ સ્થિતિ જોવાને સદા ઉત્સુક શ્રીયુત **નરોતમ** બી. શાહે 'કેળવણીની ઉન્નતિ અર્થે જૈન એસોસીએશનને લખેલ પત્ર' અને 'જૈન કોમ' એ બે લેખરૂપ પોખરાજમણિના પ્રકાશથી તે રત્નમાળાને ઝગમગતી બનાવી છે. ડભોઇ નિવાસી **નગીનદાસ** એમ. શાહે 'આદિનાથ અને અજિતનાથ પ્રભુની સ્તુતિ' રૂપ બે પદ્યરત્નોની યોજનાથી તે રત્નમાળાના રંગ ઉપર સારો રસ ચડાવ્યો છે. અમદાવાદ નિવાસી શા. **સાંકળચંદ** પીતાંબરદાસે 'ભવબાજી' અને 'મનુષ્યનું કર્તવ્ય' એ બે વિરક્ત ભાવનાવાળા પદ્યરત્નો જડીને તે રત્નમાળાના મૂલ્યમાં વધારો કર્યો છે. ચુડા નિવાસી કપાશી **જગજીવન** માવજીએ 'ભાગ્ય અને કર્મ' તથા 'જૈનોની વર્ત્તમાન સ્થિતિ અને કર્તવ્ય' એ બે ઉપયોગી લેખરત્નોને ઉમેરી તે રત્નમાળાની રમણીકતામાં વધારો કર્યો છે. 'જૈનોમાં પોતાની ઉન્નતિ અર્થે શું કરવાની જરૂર છે?' 'એક પ્રાચીન જૈન મુનિનું ચારિત્રજીવન' અને 'શ્રી શત્રુંજય તીર્થનો પરિચય' એ ત્રણ લેખ આ સભાના સેક્રેટરીના છે કે જેને માટે કાંઇપણ લખવું તે પોતાની આત્મશ્લાઘા જેવું હોઇ અસ્થાને છે. એ ત્રણ લેખરૂપી રત્નોથી તે રત્નમાળાને સારી ઉજ્વળતા અર્પી છે. શ્રીમાન વિદ્વદ્વર્ય પંન્યાસજી શ્રીમદ્ **દાનવિજયજી** મહારાજે 'ગાયકવાડ સરકાર સમક્ષ આપેલા ભાષણો' એ સુબોધક લેખરૂપી કંઠમણિ યોજી તે રત્નમાળાના મધ્યભાગનો એક પ્રકાશમાન ચંદ્રક બનાવ્યો છે. શ્રીયુત **ફત્તેચંદ** ઝવેરચંદે 'પરમાત્માને શરણે,' 'મનુષ્ય જીવનનું રહસ્ય પ્રાપ્ત કરવા પ્રભુ પ્રાર્થના,' 'સમ્યક્દર્શન પદ સ્તુતિ,' 'મનુષ્યજીવનનો દ્રષ્ટી કોણ' વિવેકબુદ્ધિનો વિનિપાત' અને 'મર્ત્યજીવનનું અમૃત' એ ગદ્ય–પદ્યરૂપ લેખરત્નોથી તે રત્નમાળાના સૌંદર્યને રસભરિત બનાવ્યું છે. સદ્વર્ત્તનના અને બુદ્ધિના ખરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈભવને દર્શાવવા સતત ઉત્સાહ ધરાવનાર, આ સભા પ્રત્યે અત્યંત લાગણી ધરાવનાર વિદ્વાન બંધુ શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. એ ' વાંચન દ્વારા શિક્ષણ, ' ' લોકપ્રિય થવાની કળા, ' ' પ્રભુ સ્તુતિ, ' 'આત્મસુધારણા' અને ' નિદ્રા દરમ્યાન ચારિત્ર બંધારણ ' એ આકર્ષક વિષયરૂપી માણિકયોનો ઉજ્વળ ઉપહાર કરી તે રત્નમાળાનું ખરૂં લાલિત્ય વધાર્યું છે. જામનગર નિવાસી તંત્રી 'ડાહાપણ' તરફથી 'જન્મ્યાથી ન જન્મ્યા ભલા કોણ,' એવા એક પદ્યરત્નથી તે રત્નમાળાને રસવતી કરી છે. શ્રીયુત કુબેરદાસ અંબાશંકર ત્રિવેદી અજૈન છતાં જૈન ધર્મ ઉપર પ્રેમ ધરાવનાર કેળવાયેલ બંધુએ ' ઉપદેશપદ, ' ' સદ્બોધ ' અને ' મનુષ્યદેહનું કર્તવ્ય ' એ હૃદયના ગીતોથી તે રત્નમાળાનું ગૌરવ ગજાવ્યું છે. તે શિવાય ' સૂક્તમુક્તાવળી ' અને બીજા પ્રકીર્ણ ધાર્મિક પ્રસંગો તેમજ ઉપયોગી ચર્ચાપત્રોના લેખરૂપી ઓપ ચડાવી તે રત્નમાળાના તેજને વિશેષ જાજ્વલ્યમાન બનાવવામાં આવ્યું છે. આ પ્રમાણે આ માસિક તરફ અનુપમ પ્રેમની ભાવના રાખનારા ગત વર્ષના અને વર્ત્તમાન વર્ષના વિદ્વાન્ લેખકોએ આ રત્નમાળાને અતિ મનોહર અને આકર્ષક બનાવી છે, તેથી આનંદિત બનેલું આ માસિક તે સર્વ મહાશયોને ઉત્સાહથી અભિનંદન આપી અને આભાર માની પુનઃ તેમને આ નવીન વર્ષનું આમંત્રણ આપે છે.

છેવટે આ નવીન વર્ષના પ્રવેશમાં આ માસિક ઉચ્ચ સ્વરે પોતાની અભિલાષા પ્રગટ કરે છે કે, જૈન સમાજ સંપના દિવ્ય બળથી એકતાની શૃંખલામાં જોડાઇને ઉંચા પ્રકારનું ખરૂં જૈન જીવન પ્રાપ્ત કરી, માનવ જન્મના ચિરસ્થાયી હૃદયઆવેગને ધારણ કરી અને ત્રિકરણ શુદ્ધિ રાખી પોતાની પ્રાચીન, અર્વાચીન અને આધુનિક સ્થિતિના સ્વરૂપો કે જે નિપુણ વિદ્વાનોની લેખનીના પ્રભાવથી પ્રદર્શિત થયા હોય, તેમને વાંચી, મનન કરી તે પ્રમાણે વર્તવા અને વર્તાવવા સદા તત્પર રહે, અને જૈનોના પ્રાચીન મહાત્માઓના હૃદયકમલમાંથી ઉદ્ભવેલા ધર્મ, તત્વ અને આચાર-વિચારની ઉર્મિઓનું અવગાહન કરી તેમાંથી નવું જીવન અને નવી ચેતના પ્રાપ્ત કરે. વળી તે સમાજના નવયુવકો આ જમાનાની ઉન્નતિ સાધવા ભારતક્ષેત્રની પવિત્ર ભૂમિમાં અને ઉદયની ઇતર ભૂમિમાં વિહાર કરે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ ચાર પુરૂષાર્થની સંખ્યા પ્રમાણે નિયમિત થયેલા ચતુર્વિધ સંઘના ચારે અંગો પોતપોતાના કર્ત્તવ્યને અનુસરી પોતાના ચિંતામણિ સમાન મનુષ્ય જીવનને આદર્શરૂપ બનાવવા માટે મન, વચન અને કાયાની શુદ્ધ પ્રવૃત્તિ કરવા સદા તત્પર બને.

આ ઉચ્ચ અભિલાષા સિદ્ધ થવા માટે આ માસિક નીચેના સંસ્કૃત પદ્યથી ભગવાન્ શ્રીવીતરાગ પ્રભુની પ્રાર્થના કરી જૈન સમાજ ઉપર આ નવીન વર્ષે પોતાના આત્માનંદનો દિવ્ય પ્રકાશ પાડવા પ્રવૃત્તિ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**नामये तव पदाब्जयोः शिरो, वीतराग त्रिलसत्कृपाभर ।**
**कामये हि तव भक्तिमुत्तमां, कर्म कष्टतति नाशकारिणीम् ॥१॥**

જેમના હૃદયમાં દયા સદા વિલાસ કરી રહી છે, એવા હે શ્રી વીતરાગ પ્રભુ, તમારા બને ચરણકમળમાં હું મારૂં મસ્તક નમાવું છું. અને કર્મોના કષ્ટની પંક્તિનો નાશ કરનારી તમારી ઉત્તમ ભક્તિને સદા ચાહું છું. ૧

# મહત્વાકાંક્ષા.

( લે. વિઠ્ઠલદાસ મુળચંદ શાહ. બી. એ. )

" Whoever is satisfied with what he does has reached his culminating point. He will progress no more. "

( પોતે જે કંઇ કરે છે તેનાથી જે કોઇ મનુષ્ય સંતુષ્ટ થઇ બેસી રહે છે તે તેના અંતસ્થાને પહોંચી ગયો છે. તે વધારે આગળ પ્રગતિ કરી શકશે નહિ. )

જગતમાં અસંખ્ય લોકો કોઇ પણ પ્રકારના ચોક્કસ આશય વગર જીવન વ્યતીત કરે છે તે જોઇને અજાયબી થાય તેમ છે. આપણી આસપાસ અનેક સ્ત્રી પુરૂષોને જીવન સમુદ્ર ઉપર નિર્હેતુક આમતેમ ઘસડાતા આપણે જોઇએ છીએ. જો તમે તેઓમાંના કોઇને પુછશો કે તે શું કરવા ઇચ્છે છે, તેની શી ઇચ્છાઓ છે. તો તેના જવાબમાં એજ મળવાનું કે તેનું બરાબર સંપૂર્ણ જ્ઞાન નથી. તે માત્ર પ્રસંગની જ રાહ જોયા કરતો હોય છે. જે મનુષ્ય કોઇ પણ કાર્યક્રમ વગર પોતાનું જીવન પસાર કરે છે તે તેના લક્ષ્યસ્થાને પહોંચવા શક્તિમાન બને એ આશા નિરર્થક છે. સ્પષ્ટત: નિશ્ચિત કરેલા ઉદ્દેશની જીવન પર સબળ સત્તા ચાલે છે. તેનાથી આપણા પ્રયત્નોનું એકીકરણ થાય છે અને આપણે આપણું કાર્ય કયી દિશામાં લેવું તેની સુઝ પડે છે; જેથી કરીને આપણે કરેલ પ્રયત્ન મુલ્યવાન લેખી શકાય છે.

જે માણસો કંઇ પણ ઉજ્વલ કાર્ય કરવાને સમર્થ બન્યા છે તેઓ કદિ પણ પોતાની સુસ્ત ચિત્તવૃત્તિ પ્રમાણે વર્ત્યા હોતા નથી. જે વસ્તુઓ તેવી મહત્વાકાંક્ષાઓની સિદ્ધિમાં અંતરાયકારક બને છે તેની સામે બાથ ભીડવા જેઓ સામર્થ્યવાન બને છે, તે માણસોજ પ્રકાશમાં આવી શકે છે. જે કાર્ય પોતાને માટે ઇષ્ટ અને ઉત્તમ હોય, નહિ કે આનંદપ્રદ અથવા વધારે સુગમ, તે કાર્ય કરવાની પોતાની જાતને જરૂર પાડે છે તે માણસની જ કિંમત અને કદર થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રત્યેક મનુષ્યે પોતાના ગુરૂ-(સ્વયંશિક્ષક) થવું જોઇએ. યોગ્ય પ્રસંગ મળે નહિ ત્યાંસુધી આલસ્યમાં બેસી રહેવું જોઇએ નહિ. પ્રભાતમાં પથારીમાંથી ઉઠવાની વૃત્તિ થાય નહિ ત્યાંસુધી સુઇ રહેવું એ જેવું ભૂલ ભરેલું છે, તેવુંજ આપણે જ્યારે ખુશમિજાજમાં હોઇએ ત્યારે કાર્ય હાથ ધરવું એ ભૂલ ભરેલું છે. પોતાની પ્રકૃતિને અને રૂચિને સંયમમાં રાખતાં અને મનની ગમે તે સ્થિતિમાં પોતાની જાતને કાર્ય કરવાની જરૂર પાડતાં દરેક માણસે શીખવાની ખાસ જરૂર છે. ઉચ્ચાશય વગરના ઘણાખરા લોકો જેઓ પોતાના કાર્યમાં સફળતા મેળવી શકતા નથી તેઓ એટલા બધા આળસુ હોય છે કે તેઓ વિજય પ્રાપ્ત કરી શકતા નથી. આવશ્યક પ્રયત્ન કરવાને તેઓ નારાજ હોય છે, અને તેઓ સમજે છે કે તેઓએ શા માટે વિના કારણ યત્ન કરવો જોઇએ અથવા પરિશ્રમ સેવવો જોઇએ. એશઆરામમાં આ અમૂલ્ય જીવન વ્યતીત કરવામાં જ તેઓ મહત્વ સમજે છે. શારીરિક આલસ્ય, માનસિક ઉપેક્ષા, પ્રસંગોને જવા દેવાની ચિત્તવૃત્તિ-આ સર્વ કારણોને લઇને માણસો પોતાના કાર્યમાં નિષ્ફળતા પ્રાપ્ત કરે છે. મહત્વાકાંક્ષાનો ક્રમશઃ સંકોચ થવા લાગે એ પોતાના કાર્યમાં અપકર્ષ થાય છે તેનું પ્રથમ ચિહ્ન છે. ખાસ કરીને જ્યારે આપણે એવા વાતાવરણમાં હોઇએ કે જેમાં જીંદગીની સંભવિત વસ્તુઓથીં માણસો દોરાય છે ત્યારે મહત્વાકાંક્ષા શિવાય અન્ય કોઇ ગુણ નથી કે જેના પર સંભાળપૂર્વક તપાસ રાખવાની અને જેને નિરંતર મજબૂત બનાવવાની જરૂર છે. જેઓ પોતાનો અપકર્ષ થતો અટકાવવાની ઇચ્છા રાખે છે તેઓને માટે પોતાની મહત્વાકાંક્ષાની નિરંતર તપાસ રાખવાની અને તેને જાગ્રત રાખવાની અત્યંત અગત્ય છે. પ્રત્યેક બાબતનો આધાર મહત્વાકાંક્ષા પર છે. જે ક્ષણે તે નિર્બળ બને છે તેજ ક્ષણે જીવનના સર્વ ધોરણો છિન્નભિન્ન થઇ જાય છે. મહત્વાકાંક્ષા દીપકને નિરંતર પરિષ્કૃત અને દેદિપ્યમાન રાખવાની પુરેપુરી જરૂર છે. મહાત્વાકાંક્ષાને દાબી દેનાર સત્તાઓની સાથે વિલાસ કરવાની ટેવ ભયંકર છે.

કોઇ માણસે નિદ્રાવહ ઔષધ વિશેષ પ્રમાણમાં લીધું હોય ત્યારે ડૉકટર તરતજ સમજી શકે છે કે નિદ્રા નાશકારક નિવડશે. જેથી દરદીને જાગ્રત રાખવાનો યત્ન કરવામાં આવે છે અને ઉપાયો લેવામાં આવે છે. કેટલીક વખત સ્થિતિ વધારે ગંભીર હોય તો મૃત્યુનો નિરોધ કરવાને વધારે સખત ઉપચારો અજમાવવા પડે છે. આ નિયમ મહત્વાકાંક્ષાને લાગુ પડે છે. જો મહત્વાકાંક્ષા એક વખત નિદ્રિત થઇ જાય છે-દબાઇ જાય છે, તો તેને પુનઃ સચેતન કરવાનું કાર્ય લગભગ અશક્ય થઇ પડે છે. ઉત્તમ ગુણોથી વિભૂષિત અનેક માણસો આપણી દૃષ્ટિએ સર્વત્ર પડે છે. આવી ઉચ્ચ કક્ષાના માણસો સુપ્રસંગોનો કેમ લાભ લેતા નથી, તેઓ નિષ્ક્રિય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શા કારણથી રહે છે આદિ પ્રશ્નોનો વિચાર કરતાં આશ્ચર્ય થાય છે. આનું કારણ એ છે કે તેઓને કોઇ પ્રકારની ઉચ્ચાભિલાષા હોતી નથી, પ્રધાન આશયો હોતા નથી.

ઘડીયાળમાં સર્વ ચક્રો પૂર્ણ હોય અને મૂલ્યવાન રત્નો હોય; પરંતુ જો તેમાં મુખ્ય કમાન ન હોય તો તે ઘડીયાળ નકામી છે, તે પ્રમાણે મનુષ્યે ઉચ્ચ કેળવણીનો સ્વાદ લીધો હોય, શરીરે સંપૂર્ણતઃ રોગરહિત હોય; પરંતુ જો તેના ઉચ્ચાભિલાષો ન હોય તો તેના અન્ય ગુણો ગમે તેટલે દરજ્જે શ્રેષ્ઠ હોય તો પણ તે સર્વ નિરૂપયોગી છે. પુખ્ત વયે પહોંચેલા અને મહાન શક્તિ ધરાવનારા અનેક મનુષ્યો જોવામાં આવે છે કે જેઓએ અદ્યાપિપર્યંત પોતાનું જીવન–કાર્ય પસંદ કર્યું હોતું નથી. તેઓ એમજ કહે છે કે અમે શું કાર્યને માટે લાયક છીએ તે જાણતા નથી. મનુષ્યોમાં મહત્વાકાંક્ષાના બીજનું વ્હેલું રોપણ થાય છે. આપણે તેની દરકાર કરતા નથી, તેને આપણા તરફથી ઉતેજન અને પોષણ મળતું નથી. તો તેનો ક્રમે ક્રમે લય થઇ જાય છે અને તે આપણને પીડા કરવાનું તજી દે છે; કેમકે અન્ય કોઇ ગુણનો અથવા વસ્તુનો ઉપયોગ કરવામાં ન આવે તો જેવી રીતે તે દબાઇ જાય છે તેવીજ રીતે મહત્વાકાંક્ષાના સંબંધમાં પણ બને છે. જે વસ્તુઓનો આપણે હમેશાં ઉપયોગ કરીએ છીએ તેજ વસ્તુઓ આપણા પાસે રહી શકે છે. કોઈ પણ શક્તિ, સ્નાયુ, વા મગજશક્તિનો ઉપયોગ કરવાનું આપણે બંધ કરીએ છીએ કે તરતજ તે શક્તિનો હ્રાસ થાય છે અને ધીમે ધીમે તે શક્તિનો આપણામાંથી સદંતર વિલય થાય છે.

“ ઉચ્ચગામી બનો ” એ કુદરતના આદ્ય આહ્વાન પ્રતિ જો તમે દુર્લક્ષ રહો છો, જો તમે તમારી મહત્વાકાંક્ષાને ઉત્તેજન–પોષણ આપતા નથી અને ઉપયોગથી દિવસાનુદિવસ મજબૂત બનાવતા નથી તો તે મૃતદશાને પામે છે. જેમ કોઇ ઇચ્છા અને વૃત્તિને દાબી રાખવાથી તેનો નાશ થઇ જાય છે તેમ મહત્વાકાંક્ષાને દાબી દેવાથી તે નષ્ટ થઇ જાય છે એ વાતમાં કશો સંદેહ નથી. જે લોકોમાં મહત્વાકાંક્ષા મૃતાવસ્થામાં પડેલ છે એવાજ લોકો આપણી આસપાસ દૃષ્ટિએ પડે છે. તેઓ માનુષી દેખાવ માત્ર ધારણ કરે છે; પરંતુ જે અગ્નિ તેઓમાં પ્રજ્વલિત થયો હતો તે શાંત થઇ ગયો છે. તેઓ પૃથ્વીપર સંચરે છે પરંતુ તેઓની ઉપયોગિતા રહી નથી તેઓ પોતાની જાતને અથવા જગત્‌ને કશા ઉપયોગના નથી. જેની મહત્વાકાંક્ષા મૃત્યુગત થયેલી છે તે માણસની સ્થિતિ દયા જનક છે જેનામાં મહત્વાકાંક્ષાનો અગ્નિ કાષ્ટના અભાવે શાંત થઇ ગયો હોય છે, જેણે ઉચ્ચગામી બનવાના આંતરિક નિમંત્રણ પર લક્ષ આપ્યું નથી તે માણસના જેવી શોચનીય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને દયા જનક સ્થિતિ ભાગ્યેજ કોઇની હશે જ્યાં સુધી મહત્વાકાંક્ષા જીવંત હોય છે ત્યાં સુધી ગમે તેવા અધમ અને દુષ્ટ માણસના માટે આશા બાંધી શકાય છે. પરંતુ તેનો નાશ થાય છે ત્યારે મહાન જીવનોત્તેજક જીવન પ્રોત્સાહક શકિતનો વિલય થયો ગણાય છે. પોતાની મહત્વાકાંક્ષાનો નાશ થતો અટકાવવાનું કાર્ય અને પોતાની મહેચ્છાઓને સર્વદા તાજી અને તીક્ષ્ણ રાખવાનું કાર્ય પ્રત્યેક મનુષ્યને માટે મુશીબતી ભરેલું છે. જો પોતે મહેચ્છાઓને સદા જાગ્રત રાખે તે પોતાના આદર્શોને કાર્યમાં મુકવાની અને મહત્વાકાંક્ષાઓને પહોંચી વળવાની અહોનિશ ઇચ્છા રાખ્યા કરે તો તે કલ્પના સૃષ્ટિના સર્વ પ્રબંધોનો સત્યકાર અનુભવશે એમ માનવામાં ઘણા લોકો પોતાની જાતને ઠગે છે. મહત્વાકાંક્ષાઓને સચેતન અને જાગ્રત રાખવા માટે ભિન્નભિન્ન સામગ્રી અને સાધનોની અપેક્ષા છે. મહત્વાકાંક્ષા ઉપયોગી બને તેટલા માટે તેને મહાન મનોબળ, અડગ નિશ્ચય, શારિરિક શકિત, સહનશીલતા આદિ વિશિષ્ટ ગુણોથી ટકાવી રાખવાની સંપૂર્ણ આવશ્યકતા છે તેના વગર મહત્વાકાંક્ષા કંઈ પણ શુભ પરિણામ આપવા અશકય છે.

અમુક કાર્ય કરવાની તમને પ્રબળ ઇચ્છા છે તે વાતથીજ સિદ્ધ થાય છે કે તે કાર્ય તમે કરી શકશો, અને તે તમારે વિના વિલંબે કરવું જોઇએ. કેટલાંક લોકો એમ ધારતા જણાય છે કે જીવનમાં અમુક કાર્ય કરવાની મહેચ્છા થાય તે ચિરકાલ નભી શકે તેવો ગુણ છે પરંતુ આ વિચાર ભૂલભરેલો છે તે તેમ નથી. યાહુદી લોકોને જે સ્વાદિષ્ટ ખોરાક રણની અંદર વૃક્ષોના મૂળમાંથી મળતો તેના જેવું તે છે. ઉકત ખોરાકતેઓને ત્વરાથી ખાવો પડતો હતો જ્યારે તેઓની શ્રદ્ધા નબળી પડી ત્યારે તેઓ તે ખોરાકનો સંગ્રહ કરવાનો યત્ન કરવા લાગ્યા. પરંતુ તેઓને તરતજ જણાયું કે બીજા દિવસ સુધી તે ખોરાક તેઓની પાસે રહી શકશે નહિ. જે સમયે આપણો નિશ્ચય સંપૂર્ણતઃ દૃઢ થયો હોય તેજ સમય કાર્ય કરવા માટે યોગ્ય છે; કેમકે વિલંબ કરવાથી પ્રત્યેક ક્ષણે નિશ્ચય નબળો પડતો જાય છે. જ્યારે જ્યારે મહત્વાકાંક્ષા તાજી, પ્રબલ, અને ઉત્સાહયુક્ત હોય છે ત્યારે કંઈપણ કાર્ય કરવું અતિશય સુગમ પડે છે, પરંતુ આપણે તે થોડો સમય મુલ્તવી રાખ્યા પછી તે કરવાને આવશ્યક યત્ન કરવાને અથવા આવશ્યક ભોગ આપવાને ચિત્તવૃતિ નબળી પડી જાય છે; કેમકે પ્રારંભમાં જે દૃઢતા હતી તેમાં અમુક અંશે ન્યૂનતા આવે છે. તમારી મહત્વાકાંક્ષાને શાંત થવા ન દો. “ અર્ધ સંતોષવૃત્તિમાં હું મારૂં જીવન પસાર નહિ કરૂં ” એવો નિશ્ચયાત્મક વિચાર કરો. આવા નિશ્ચયપૂર્વક યોગ્ય અંતસ્થાન તરફ પ્રયાણ કરો. જેઓમાં મહત્વાકાંક્ષા નથી, જેઓ અર્ધસંતુષ્ટ છે, જેઓમાં પ્રગતિ કરવાને ઉત્સાહ અને આગ્રહ નથી તેવા લોકોને સાહાય્ય કરવાને યત્ન કરવો તે અત્યંત નિરાશાજનક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે યુવકો અવ્યવસ્થિત રીતે જીવન વહન કરવામાં સંતોષ માને છે, જે પોતામાં જે કંઇ છે તેનાથી અર્ધ સંતુષ્ટ છે, જેઓએ પોતાની શક્તિના અલ્પઅંશનો ઉપયોગ કર્યો છે, જેઓની શક્તિઓનો સર્વથા દુરૂપયોગ થાય છે—નકામી જાય છે, તેવા યુવકો કંઇપણ ઉપયુક્ત કાર્ય કરવાને સમર્થ થઇ શકતા નથી. જેઓમાં મહત્વાકાંક્ષા, શક્તિ, ઉત્સાહ આદિની ખામી છે, અત્યલ્પ પ્રતિરોધ કરવો પડે એવા માર્ગે ચાલવા જેઓ ખુશી હોય છે અને જેઓ ઓછામાં ઓછો પરિશ્રમ લે છે, તેવા યુવકો તરફથી કંઇ પણ ઉપયોગી કાર્યની આશા રાખવી નિરર્થક છે. તેઓમાં જીવનના પાયારૂપ કશું હોતું નથી કે જેનાપર ઇમારત બાંધી શકે. પાયાના રૂપમાં તેઓની પાસે શરૂઆતમાં જે કંઇ હતું તે સર્વ નિરૂપયોગી થઇ પડયું છે. આ ઉપરથી એ નિર્ણયપર આવી શકાય કે જે યુવક પોતે હમણાં કરે છે તેનાથી સંતુષ્ટ થતો નથી, જે હમેશાં તેમાં સુધારો કરવાનો નિશ્ચય કરે છે, અને જે પોતાના કાલ્પનિક આદર્શોને સત્ય કરવા મથે છે તે જીવનક્ષેત્રમાં વિજયી નિવડે છે. ઘણાખરા માણસોની બાબતમાં એક મુશ્કેલી એ ઉભી થાય છે કે તેઓના આદર્શો અત્યંત નિકૃષ્ટ અને સાધારણ કોટિના હોય છે. તેઓ પોતાની આશાઓને તેજસ્વી રાખતા નથી, અથવા તો મહેચ્છાઓ પુરતા પ્રમાણમાં કેળવતા નથી. તેઓ પશુની માફકજ જીવન ગુજારે છે. આત્મોન્નતિ કરવાની ઇચ્છા રાખનારે ઉચ્ચ વિચારો અને ઉચ્ચ ઇચ્છાઓ કેળવવા જોઇએ. દૃષ્ટિ નીચે રાખી ઉંચે ચઢવાનું કાર્ય અશકય છે. કોઇ પણ વસ્તુની પ્રાપ્તિ થયા પૂર્વે તે વસ્તુ માટે મહેચ્છા થવી જોઇએ. જેમ જેમ સુધારો આગળ વધે છે તેમ તેમ ઇચ્છાઓ ઉચ્ચ બનતી જાય છે, અને જેમ જેમ ઇચ્છાઓ ઉચ્ચતર થાય છે તેમ તેમ લોકો ઉન્નતિક્રમમાં પ્રગતિમાન થાય છે.

અત્ર એવો પ્રશ્ન કદાચ ઉપસ્થિત થાય કે પ્રત્યેક માણસ પોતાના લક્ષ્યસ્થાને પહોંચે અને પોતાના ઉચ્ચાભિલાષોનું સાફલ્ય પ્રાપ્ત કરે તો મનુષ્યજાતિનું શું થશે ! કોઇપણ માણસ પોતાની ઇચ્છામાં આવશે તે કરતાં વધારે કાર્ય કરવા ઇચ્છશે ? નિકૃષ્ટ કાર્યો કરવાનું કોણ માથે લેશે ? આના ઉત્તરમાં એજ કહેવાનું કે ધારો કે જગત્‌ના સર્વ મનુષ્યો ધનવાન માતાપિતાઓના પુત્રો અને પુત્રીઓ હોય અને સર્વ લોકો પોતાનો સમય મોજમજામાં નિર્ગમન કરવામાં અને પોતાને પ્રતિકૂળ લાગતાં કાર્યોથી જેમ બને તેમ અલગ રહેવામાં અને તેને તજી દેવામાં જીવિતની કૃતકૃત્યતા સમજતા હોય તોપણ આવા લોકોથી વસાયલી દુનિયાને જંગલ અવસ્થા પુનઃ મેળવવામાં કેટલો બધો સમય લાગશે ?

સ્હેજ વધારે ઉંચે ચઢવાના, સ્હેજ વધારે સુખદસંસ્થિતિમાં મુકાવાના, વધારે સારી કેળવણી સંપાદન કરવાના, વધારે વિકાસ અને સંસ્કૃતિ પ્રાપ્ત કરવાના,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપત્તિની પ્રાપ્તિથી સત્તાથી સમન્વિત થવાના મનુષ્યોના યત્નો તે અન્ય કશું નથી; પરંતુ જેનાથી મનુષ્ય જાતિના શ્રેષ્ટ આદર્શભૂત વ્યકિતઓના ચારિત્ર્ય અને સત્વ વિકાસ પામ્યા છે તેજ છે. આપણા જીવનની ઉર્ધ્વગતિ અન્ય લોકોમાં આપણા માટે શ્રદ્ધાની પ્રેરણા કરે છે.

જેવી રીતે અરણ્યમાંથી યાહુદી લોકોને દોરવામાં મોઝીસે માર્ગદર્શકનું કાર્ય કર્યું હતું તેવી રીતે મનુષ્ય જાતિને મુશ્કેલી રૂપી અરણ્યમાંથી નિવૃત્તિકર પ્રદેશમાં દોરી લાવવામાં મહત્વાકાંક્ષા નેતા અથવા માર્ગદર્શકનું કાર્ય બજાવે છે. ખરૂં છે કે મનુષ્ય જાતિનો મ્હોટો ભાગ એટલો બધો પછાત છે કે નિવૃત્તિકર પ્રદેશ તેઓને દૃષ્ટિગત થાય એ પણ લગભગ અસંભવિત છે; આમ છતાં એ પણ ખરૂં છે કે અર્ધ-જંગલી દશા ભોગવતા મનુષ્યોમાં કંઈક સુધારો થયો છે.

મહેચ્છાઓ લોકોને સુધારાની તુલામાં મુકે છે. કોઇપણ વ્યક્તિના અથવા પ્રજાના આદર્શોથી તેની વર્તમાન સ્થિતિનું તેમજ ભવિષ્યની શકયતાનું માપ થઇ શકે છે. જીવનના દરેક ક્ષેત્રમાં આપણા આદર્શો અને મહેચ્છાઓ ઉચ્ચતર અને સ્વચ્છતર બનતા જાય છે. ઉત્કર્ષ અને સુધારાની ગતિ એટલી બધી વેગવતી છે કે પ્રત્યેક પ્રયત્ન કરવામાં અગાઉ કરતાં મહત્તર ઇચ્છાઓ, ઉચ્ચતર આદર્શો, ઉચ્ચતર બુદ્ધિ, અને પ્રયાસની અપેક્ષા છે. આદર્શોથી આખી માનવજાતિ ક્રમશઃ પરિવર્તન પામી ઉન્નતિના શિખરપર સ્થિત થાય છે. અને અંતે પ્રત્યેક વ્યક્તિ જે સુખદ સ્થિતિ તેનો જન્મ હક્ક છે તે સ્થિતિમાં મુકાયું છે.

પોતે જે કંઈ પ્રાપ્ત કર્યું હોય છે તેનાથી જે સંતુષ્ટ થઇ બેસી રહે છે તેજ માણસ ઉન્નતિક્રમમાં આગળ વધતો અટકી જાય છે; પરંતુ ઉન્નતિક્રમમાં આગળ વધતા મનુષ્યને તો અખિલતામાં, પરિપાકમાં મહાન ન્યૂનતાનોજ ભાસ થયા કરે છે, પ્રત્યેક વસ્તુ અપૂર્ણજ ભાસે છે. કારણુ કે તે હમેશાં આગળ અને આગળ વધવાને ગતિમાન હોય છે. આગળ વધતો મનુષ્ય પ્રાપ્ત વસ્તુઓથી સદા અસંતુષ્ટ રહે છે; અધિકાધિક ઉચ્ચતા અને સંપૂર્ણતા માટે સતત યત્નશીલ રહે છે. ઉચ્ચગામી થવાની ટેવ ગઈ કાલ કરતાં આજે કંઇક વિશેષ સારૂં કરવાનો યત્ન, ભૂતકાળમાં હોઈએ તે કરતાં વર્તમાનમાં કંઇક વિશેષ સારા થવાનો યત્ન-આ સર્વથી જીવનપંથમાં આગળ વધવામાં જે સહાય મળે છે, તે અન્ય કશી વસ્તુથી મળતી નથી.

( અપૂર્ણ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિશ્વની વિચિત્ર ઘટનાઓ.

આ વિશ્વના વિવિધ દેખાવોનું બારીક નિરીક્ષણ કરતાં આપણને દરેક વસ્તુ અને દરેક બનાવમાં ચમત્કાર ભાસ્યા વિના રહેશે નહિ. કાળ અને પ્રકૃતિ પોતાનાં સ્વરૂપો આપણી સમક્ષ જુદી જુદી રીતે વિસ્તાર કરી રહ્યાં છે. એક સૂક્ષ્મ બીજના કણમાંથી મહાન્ વિસ્તારવાળું વૃક્ષ પ્રકટ થાય છે એશું વિચિત્રતા નથી? છતાં તેમાં આપણને કોઈ પ્રકારનું આશ્ચર્ય થતું નથી તેનું કારણ માત્ર એ છે કે, તે આપણા નિત્યના પરિચયનો વિષય થઈ પડયો છે. પરંતુ આપણે એક બાળકને જ્યારે બીજમાંથી આવું વૃક્ષ ઉત્પન્ન થાય છે તેવું ભાન કરાવીએ ત્યારે તેના આશ્ચર્યનો પાર રહેશે નહિ. આપણા નિત્યના અનુભવના વિષયોમાંથી આપણી વિચિત્રતા જતી રહે છે. વિવિધરંગી મયૂરનું ઇંડામાંથી પ્રકટ થવું, સૂર્ય અને ચંદ્રનું જગત્ ઉપર નિયમસર પરિવર્તન, તેમજ ઋતુઓનું અદ્‌ભુત ગમનાગમન એ સર્વ સૃષ્ટિની ચિત્ર-વિચિત્ર ઘટનાઓ છે.

આમ હોઇને સહુ કાંઈ ચોક્કસ નિયમોને આધીન છે અને તે નિયમો સદા-કાળ એક સરખા છે–અચળ છે. પુદ્‌ગળ અને ચૈતન્ય શક્તિનો જ આ સર્વ વિલાસ છે. સ્થૂળભૂમિકા ઉપરના આ કાર્ય હમેશાં પોત પોતાના સ્વભાવનુસાર બન્યા કરે છે. પરંતુ માનસભૂમિકા ઉપર વળી આપણે સૂક્ષ્મદષ્ટિથી તપાસ કરતાં વિશેષ વિચિત્રતા અનુભવીએ છીએ. પરંતુ, તે પણ આપણા નિત્ય સહવાસના હોવાથી તેમાં વિસ્મય જેવું કાંઈ જોઈ શકતા નથી. માનસિક વલણમાં ફેરફાર થવાથી ખાસ કરીને અસાધારણ–વિચિત્રપ્રકારનું કાર્ય બને છે. એક ડાહ્યો મનુષ્ય ક્રોધની લાગણી ઉત્પન્ન થતાં પોતે કે પોતાની આસપાસના મનુષ્યોએ નધાર્યું હોય તેવું કાર્ય કરી બેસે છે. તે શેનું પરિણામ છે? ક્રોધ નામની લાગણીએ તેની ચિત્તવૃત્તિ ઉપર અસર કરી તેને વિકારવશ સ્થિતિમાં મુકી વિચિત્ર પ્રકારના કાર્ય કરવા પ્રેરેલો છે.

જૈનદર્શન કાર્યકારણની સંકલના ન્યાયપુરઃસર એવી રીતે ગોઠવે છે કે દરેક કાર્યો તેના ચોક્કસ નિયમોનેજ આધીન છે એ સત્ય હકીકતનું આપણે જ્યારે બારી-અવલોકન કરી શકીએ છીએ ત્યારેજ જોઈ શકીએ છીએ. બાહ્ય સંયોગોના નિમિત્તવડે માનસિક બંધારણમાં ફેરફાર થાય છે. બે મનુષ્ય વચ્ચે સામાન્ય મૈત્રીનો સંબંધ તેમાંથી એક જણ શબ્દદ્વારા અન્યનું અપમાન કરે તો અન્યનું માનસિક વલણ એકદમ બદલાઇ જશે અને તેના અપમાન કરનાર તરફ પ્રથમ કરતાં જુદાજ પ્રકારે વર્તશે. આ વર્તન એ માનસિક બંધારણમાં પેઠેલા વિકારનુંજ પરિણામ છે. વળી તેજ માનસિક બંધારણ જ્યારે ઉત્તમ સંયોગો તળે આવે છે ત્યારે ત્યાંથી સુંદર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારો ઉત્પન્ન થાય છે. માટેજ સત્શાસ્ત્રો સત્સંગતિ અને નિર્દોષ સાધનોનો પરિચય કરવાનું આપણને વારંવાર પ્રબોધે છે.

ક્ષણે ક્ષણે થતો માનસિક બંધારણનો ફેરફાર એ કાંઇ ઓછા આશ્ચર્યનો વિષય નથી. છતાં તે આપણા નિત્યના અનુભવનો વિષય થઇ પડવાથી તેમાં આપણને કશુંજ આશ્ચર્ય થતું નથી. પરંતુ એ માનસિક ઘટના ઓછા આશ્ચર્યથી ભરપુર નથી એમ વિચાર કરતાં માલુમ પડશે. એક શબ્દ માત્ર સાંભળતાં માનસિક બંધારણ કેવી રીતે ચલિત થતું હશે તેમજ શરીરચેષ્ટામાં તેનું પ્રવર્તન કેવી રીતે થાય છે એ વિચિત્ર ઘટના એમ દર્શાવે છે કે દરેક પદાર્થ કાર્યકારણના મહા નિયમને આધીન છે.

માનસિક બંધારણથી વિશેષ ચડીઆતું બળ હૃદયબળ છે. હૃદયબળ અને આપણા વર્તનને પરસ્પર ગાઢ સંબંધ છે. શારીરિકબળ, માનસિકબળ અને હૃદયબળ એ ઉત્તરોત્તર એક એકથી અધિક ચડીઆતી શક્તિઓ છે. એ ત્રણે આત્મશક્તિની સ્થૂળ અને સૂક્ષ્મ કળાઓ છે. હૃદયબળનો પ્રભાવ મનુષ્યોના હૃદય ઉપર પડે છે. વીરપ્રભુનો જગત્ ઉપર પ્રભાવ પાડવામાં તેમનું શરીરબળ થોડુંજ હેતુરૂપ હતું. તેમનું હૃદયબળ—ચારિત્રજ હતું.

શરીરબળ મનોબળ અને ચારિત્રબળ એ ઉત્તરોત્તર ચડીઆતા છે. મનોબળ વિનાનું એકલું શરીરબળ માત્ર જંગલી પ્રજાઓમાંજ જોવામાં આવે છે. મનોબળ વિનાનું શરીરબળ એ ગાંડાના હાથમાં તલવાર સોંપવા તુલ્ય છે. શારીરિક સુખોનો ભોગ આપ્યા વગર મનોબળ મેળવી શકાતું નથી તેજ પ્રમાણે મનમાં ઉઠતાં અસંખ્ય વિકલ્પોનું દમન કર્યા વિના હૃદયબળની પ્રાપ્તિ નથી. ખાસ કરીને જૈન સમાજમાં આ ત્રણે બળો દિનપ્રતિદિન લુપ્ત થતા જાય છે. મતલબ કે આ કાળે આપણે આ ત્રણે બળના સંબંધમાં અવનતિએ પહોંચ્યા છીએ.

ક્રોધ મોહ કે લોભના બળવાન નિમિત્તો હોવા છતાં મનમાં વિકારી અસર ઉપજાવા દેતા નથી, પ્રિયમાંપ્રિય પદાર્થોનો થવા છતાં શોકને હૃદયમાં સ્થાન આપતા નથી, હડહડતું અપમાન થવા છતાં ક્રોધનો લેશભાર પણ સંચાર થવા દેતા નથી; અને હૃદયના અનેક આગેવાનો સુખદુઃખના પ્રસંગોમાં દબાવી શકે છે તેઓની શક્તિનું નામ હૃદયબળ છે. અંતઃકરણની શાંતિ એકસરખી સાચવી રાખવી તેમજ ઉત્કટ ઉપાધિના પ્રસંગોમાં પણ વ્યાકુળતા ન અનુભવવી. એ હૃદયબળના સંગ્રહનું પરિણામ છે. ખરેખરી ચમત્કારિક ઘટના એ આ હૃદયબળ છે. શારીરિક બળવાળા સેંડો જેવા નમુનાઓ જે આશ્ચર્યકારક ઘટના સ્થૂળભૂમિકા ઉપર વિશ્વમાં દર્શાવી શકે છે તેથી અસંખ્ય ગણી આશ્ચર્યજનક ઘટના હૃદયબળવાળા મનુષ્યો સૂક્ષ્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂમિકા ઉપર અનુભવે છે. શરીરબળનો પ્રભાવ ક્ષણસ્થાયી છે પરંતુ હૃદયબળનો પ્રભાવ હંમેશને માટે મનુષ્યોનાં અંતઃકરણોમાં રમી રહે છે.

આત્મિક હાઇસ્કૂલમાં દાખલ થવાનેમાટે પૂર્વોક્ત ત્રણે બળની એકતાની પ્રતીતિ (sense of oneness) આત્મામાં થવી જોઈએ. કેમકે આત્મા. એ ત્રણે બળનો નિયામક છે. જેમ વનસ્પતિનું પોષણ ખનિજમાંથી છે અને મનુષ્યનું પોષણ વનસ્પતિમાંથી છે તેમજ માનસ શકિતનું પોષણ સ્થુળ ભૂમિકાના સંસ્કારોમાંથી છે. અને હૃદયબળનું પોષણ માનસશકિતમાંથી છે, મતલબ કે આ ઘટનાઓ **अघटित घटना पटीयसी माया** એ લોકોક્તિને અનુસરીને નિરંતર પ્રસાર પામેલી છે.

કાળ, સ્વભાવ, નિયતિ, ઉદ્યમ અને કર્મ એ પાંચ કારણોએ વાસ્તવિક રીતે ઘટનાઓ ઘડેલી હોય છે. મનુષ્ય આત્માની સ્થિતિ એક બાળક જેવી છે જન્મ પછી અનુભવતાં પરિણામોને પોતા ઉપર અંકિત કરતો મોટો થાય છે; જન્મથીજ કેટલાક વિષયો અને પદાર્થો તરફનો મોહ જતો રહેલો છે અને કેટલાક વિષયો અને પદાર્થો પ્રત્યે બહુજ ખેંચાણ અનુભવાય છે આનું કારણ એજ છે કે કાળ અને સ્વભાવાદિ, પોતપોતાની અસર કર્યે જાય છે. અને તે અસર મનુષ્યઆત્માના સબળપણા કે નિર્બળપણાના પ્રમાણ અનુસાર બળવાન બને છે. એ રીતે અનુભવજ્ઞાનમાં ઘડીકમાં પછાત પડતો અથવા કોઇ સારા સંયોગોને પ્રાપ્ત કરી ઘડીકમાં આગળ વધતો આત્મા પોતાનો વિકાસ કરતો અનુભવમાં દૃઢ બને છે. એ રીતે મનુષ્ય આત્મા પાપ કાર્ય કરતાં આંચકો ખાય છે તેનું કારણ તેવાજ અધમ કાર્યના અનુભવની સ્મૃતિ તેને તેમ કરતાં રોકે છે. આજે જે જે મનુષ્યો શરીરબળ, મનોબળ અથવા હૃદયબળને માટે વિખ્યાત થયેલા છે. તે માત્ર આ વર્તમાન અનુભવનું પરિણામ નથી; પરંતુ સંસ્કારોથી પરિપાક થયેલી આત્મભૂમિકામાં પૂર્વે મેળવેલા અનુભવના પરિણામ રૂપે છે.

મનુષ્ય જીવનના વર્તમાન ભવનાજ ગતકાલ તરફ દિગ્દર્શન કરશું તો જણાશે કે પ્રત્યેકના જીવનની જુદી જુદી અવસ્થાઓ જે વર્તમાન કાળે આશ્ચર્ય જનક ભાસે છે તે છેક માલ વિનાની પરિસ્થિતિમાંથી પ્રકટ થયેલી હોય છે. જીવનની દિશા બદલી નાંખનારા બિંદુઓ, (turning points of life) કોઇ સ્હેજ બીના કે બનાવમાંથી ઉદ્ભવેલાં હોય છે. જે વખતે તે 'સ્હેજ' હોય છે તે વખતે તેના ઉપયોગીપણાનો ખ્યાલ હોતો નથી પરંતુ ક્રમે ક્રમે તે 'સ્હેજ' 'મહાન' ઉપર લાવી મુકે છે.

જગત્‌ની બાહ્ય અને આંતર સર્વ ઘટનાઓ વિચિત્રપણે લાગવા છતાં જે આત્માઓ એ ઘટનાને સ્વાભાવિક માને છે તે આત્માએ ખરેખરી રીતે મનોબળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેળવ્યું છે એમ કહેવામાં બીલકુલ અડચણ નથી. વિરલ મનુષ્યો અથાગ ઉદ્યમથી પ્રાપ્ત કરી શકે છે. જૈનદર્શન જે આત્માની ચોક્કસ પરિસ્થિતિને 'અંતરાત્મત્વ' કહે છે તે પ્રાપ્ત કરનાર પૂર્વોક્ત પરિસ્થિતિને યથાર્થ જાણી તદનુસાર વર્તી શકે છે.

**क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः** એ સૂત્ર પૂર્વોક્ત અનુભવથી દૃઢ થયેલા આત્માને માટે નિરૂપયોગી નિવડે છે, કેમકે તેને મન વિચિત્રતા જેવું કશું રહેતું નથી. પ્રત્યેક પ્રવૃત્તિની કાર્ય કારણની સંકલના જાણેલી હોય છે. 'ઇશ્વર' જેવી અમુક વ્યક્તિજ પોતાનું ધારેલું પ્રાપ્ત કરાવી શકે અથવા ફેરવાવી શકે એ હકીકતને સદંતર પોતાના માનસિક વિચારોની બહાર મુકેલી હોય છે.

સ્થૂળ ભૂમિકા અને સૂક્ષ્મ ભૂમિકા ઉપર સંચય થતાં શારીરિક અને માનસિક બળો આ રીતે પ્રાકૃત દૃષ્ટિએ અનેક પ્રકારની નવીનતા રજુ કરે છે. તેને કાળ–સ્વભાવાદિ સામગ્રીઓ સહાય કરે છે. પરંતુ એ બળોનો નિયામક આત્મા જ્યારે અનુભવની પરંપરાથી બળવાન બને છે તેમજ શાસ્ત્ર અને સત્સમાગમના પરિચય રૂપ ટાંકણાથી ઘડાઇ ગયેલો હોય છે. ત્યારે વિચિત્ર ઘટનાને સ્વાભાવિક ઘટના ગણી શકે છે.

**ફતેહચંદ.**

# વર્તમાન સમાચાર.

## જીવદયા સંબંધી જાહેર સભા.

**શ્રી જીવદયા પ્રબોધક મંડળ**ની સુરત ખાતે જાહેર સભા તા. ૧૪–૭–૧૯૧૮ ના રોજ રા. બા. કમળાશંકર પ્રાણશંકર ત્રીવેદીના પ્રમુખપણા નીચે ઝવેરી નગીનદાસ ઇનસ્ટીટયુટમાં મળી હતી. જેમાં જૈન મુનિમહારાજ **શ્રી રત્નવિજયજી** તથા મુનિરાજ શ્રી **શ્રી માણેકમુનિએ** બીજાઓ સાથે જીવદયા વિષે અસરકારક ભાષણો કર્યા હતા, અને પ્રમુખ સાહેબે પણ છેવટે બહુ જ સરસ રીતે બોલ્યા હતા. અને નામદાર ગવરનર જનરલ સાહેબ ઉપર **જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ** મુંબઇ તરફથી જે વિનંતિપત્ર મોકલવામાં આવનાર છે તેને માટે સહાનુભૂતિ બતાવનારો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ખાતાના સેક્રેટરી શેઠ **લલ્લુભાઇ ગુલાબચંદ** ઝવેરીની હાજરી પણ આ મેળાવડામાં હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદ સૂરિ મહારાજના પરિવારના મુનિરાજોના ચાતુર્માસ.

૧ મુનિરાજશ્રી અમરવિજયજી, તથા શ્રી ચતુરવિજયજી આદિ **ડભોઇમાં.**
૨ મુનિરાજશ્રી કલ્યાણવિજયજી **પાલીતાણા.**
૩ મુનિરાજ અમીવિજયજી, તથા શ્રી ખીમાવિજયજી **રતલામ**—માળવામાં.
૪ પંન્યાસજી સુંદરવિજયજી વગેરે. **હોશીયારપુર**—પંજાબ.

## ગ્રંથાવલોકન.

શ્રી કાવીતીર્થ સ્તવનાદિ સંગ્રહ—આ સ્તવન સંગ્રહની નાની બુક અમોને **શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાઇબ્રેરી** વડોદરા તરફથી ભેટ મળેલી છે. આ સંસ્થા તરફથી પ્રથમ પુષ્પ તરીકેનો આ ગ્રંથ છે. સતત્ વિહારી **શાંત મૂર્ત્તિ શ્રીમાન હંસવિજયજી મહારાજ** કે જેઓશ્રી ગઇ સાલમાં પાદરાથી શ્રી કાવીતીર્થ શેઠ ભાઇલાલ છગનલાલના તરફથી નીકળેલા સંઘમાં બીરાજમાન હતા. રસ્તાના જે જે ગામમાં સંઘે નિવાસ કર્યો હતો ત્યાં ત્યાંના જિનાલયમાં બીરાજમાન પ્રભુના સ્તવનો ઉક્ત મહાત્માએ બનાવેલ છે. હંસવિનોદ અને આ વગેરે ઉક્ત મહાત્માની કૃતિ જેમ તેઓશ્રીના ઉગ્ર વિહારનો ખ્યાલ આપે છે તેમ અનેક તીર્થોનો ત્યાંના જિનાલયોનો પણ તેના વાંચનારને પરિચય કરાવવા સાથે અમુક અંશે જૈન ઇતિહાસનો પણ ખ્યાલ આપે છે. આ લઘુ ગ્રંથ પ્રસિદ્ધ કરનાર ઉક્ત સંસ્થા એક જાહેર જૈન ફ્રી લાયબ્રેરી છે કે જેના સ્થાપન થવાથી જૈનો અને અજૈનોને વડોદરા શહેરમાં બહોળા વાંચનનો લાભ મળી શકયો છે. વડોદરા શહેરમાં આવી ફ્રી લાઇબ્રેરીની જરૂરીયાત પુરી પાડનાર અને તેની સ્થાપના માટે ઉપદેશ આપનાર ઉક્ત મહાત્માના ગુરૂભક્ત શિષ્ય કે જેમની ઉત્તમ ગુરૂભક્તિ માટે સ્વાભાવિક પ્રેમ ઉત્પન્ન સર્વ કોઇને થાય તેવા મહાત્મા શ્રીમાન પંન્યાસજી મહારાજ **શ્રી સંપત્તવિજયજી** મહારાજના સુપ્રયત્નના ફળરૂપે આ સંસ્થા છે. આ સંસ્થા તરફથી બીજા અનેક ઉત્તમ પુસ્તકો પ્રકટ થાય એવું અમો ઇચ્છીયે છીયે.

૨ **જૈન તત્ત્વ પ્રદીપ શ્રીમદ્ વિજયધર્મસૂરિ મહારાજના** વિદ્વાન શિષ્ય પ્રવર્ત્તકજી **શ્રી મંગળવિજયજી** મહારાજની કૃતિનો આ સંસ્કૃત ભાષામાં નવતત્ત્વના સ્વરૂપને પ્રગટ કરનારો આ ગ્રંથ છે. તે ગ્રંથની સંસ્કૃત ભાષા સરલ હોવાથી સામાન્ય સંસ્કૃત જાણનાર નવતત્ત્વના અભ્યાસીને ઉપયોગી છે. જેથી સંસ્કૃતના અભ્યાસી સાધુ, સાધ્વી મહારાજ અને પુસ્તકભંડારોને ફક્ત એક આનો પોસ્ટ ખર્ચનો મોકલવાથી શાહ અભયચંદ ભગવાનદાસ ભાવનગર હેરોસરોડ શ્રી યશોવિજયજી ગ્રંથમળાના શીરનામે લખવાથી ભેટ મળી શકશે.

૩ **શ્રી રાંધનપુર જૈન યુવકોદય મંડળ**—નો છઠ્ઠો વાર્ષિક રીપોર્ટ અમોને મળ્યો છે. તે મંડળના ઉત્સાહી પ્રમુખના પ્રયત્નને લઇને આ રીપોર્ટમાં આ વર્ષે વધેલી સભાસદોની સંખ્યા સારી દેખાય છે. લાઇબ્રેરીમાં થતી પુસ્તકોની વૃદ્ધિ પણ સારી છે. ધારાઓ પણ સમયને અનુસરીને કરવામાં આવ્યા જણાય છે. રાંધનપુરની જૈન પ્રજા ધર્મ ઉપર સારી શ્રદ્ધાવાળી હોવાથી, તેમજ વ્યાપારાદિમાં આગળ વધેલ હોવાથી પોતાના શહેરના આવા ખાતાને વધારે પ્રગતિમાં મૂકશે એવી અમો સુચના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી નિર્ણયસાગર પ્રેસના માલેક શેઠ તુકારામ જાવજી જે. પી. નો સ્વર્ગવાસ.

શહેર મુંબઇમાં સુપ્રસિદ્ધ નિર્ણયસાગર પ્રેસના માલેક **શેઠ તુકારામજી** થોડા વખતની બીમારી ભોગવી તા. ૨૪–૮–૧૯૧૮ ના રોજ ૫૪ વર્ષની વયે પંચત્વ પામ્યા છે. તેમનો જન્મ મુંબઇમાં સને ૧૮૬૪ ના એપ્રીલની ૯ મી તારીખે થયો હતો. મરાઠી છ ધોરણ અને ઇંગ્રેજી ત્રીજા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. સને ૧૮૯૨ માં આ પ્રેસના મૂળ માલેક **શેઠ જાવજી** શેઠનો સ્વર્ગવાસ થતાં તે પહેલાં ત્રણ વર્ષ સુધી સારા શિક્ષકના હાથ નીચે શેઠ તુકારામજીને મળેલા ઉંચા શિક્ષણથી તેમજ પોતાના તીવ્ર બુદ્ધિબળથી કેળવાયેલા **શેઠ તુકારામજી**ના હાથમાં પિતાના સ્વર્ગવાસ પછી આ પ્રેસનો કાર્યભાર આવતાં પોતાની તીક્ષ્ણ બુદ્ધિ, પ્રમાણિકપણું, સરલતા અને ધંધાની કુશળતાથી પ્રેસની એટલી બધી પ્રગતિ કરી કે પોતાના પિતાના વખતમાં ૨૫૦) માણસો પ્રેસમાં કામ કરતા હતા જેને બદલે હાલ ૪૦૦) માણસો કામ કરે છે. તેટલુંજ નહીં પરંતુ તેને લગતી ફાઉન્ડરીમાં છેવટે હીંદી–મરાઠી–ગુજરાતી–ઇંગ્રેજી–હીબ્રુ–જૈની વગેરે મળી ૩૦૦) જાતના ટાઇપો નવા બહાર પાડી જુદી જુદી જાતના સાહિત્ય પ્રગટ કરનારી મુંબઇ ઇલાકાની પ્રજાને સારી સગવડ કરી આપી છે, તેમના પ્રેસમાં કામ આપનાર કોઇપણ વ્યક્તિને તેમણે એટલો બધો સંતોષ આપ્યો છે, અને ધંધામાં છેવટ સુધી પ્રમાણિકપણે એટલે બધી રીતે કામ ચલાવ્યું છે, અને અમોને પણ તેમનો અનુભવ થયો છે તે જોઇ તેમના માટે તથા તેમના પ્રેસ માટે સંતોષ લેવા જેવું છે. જૈની ઘણી જાતના ટાઇપો બનાવી જૈન કોમમાં ઘણા વખતથી ગ્રંથો પ્રકટ કરનારી અનેક સંસ્થાઓએ પણ અનેક ગ્રંથોના ઉદ્ધાર માટે આ પ્રેસનો ઉપયોગ કર્યો છે, અને કરે છે. તેઓ અજૈન છતાં જૈન સાહિત્ય ઉપર અધિક પ્રેમ ધરાવતા હતા, જેને લઇને કોઇ કોઇ જૈન ગ્રંથો પણ તેઓએ પ્રગટ કર્યા છે, જેને માટે જૈન કોમમાં પણ આ પ્રેસ અને તેના માલેક **શેઠ તુકારામજી**નું નામ પ્રખ્યાત થયેલ છે. આ સભા ઉપર તેઓનો અત્યંત પ્રેમ હતો, જેને લઇને આ સંસ્થા તરફથી પ્રગટ થતા ગ્રંથો માટે દરેક વખતે હરકોઇ પ્રસંગે હરકોઈ પ્રકારની સગવડ તે સંસ્થાને કરી આપતા હતા, તેઓ સ્વભાવે શાંત, સરલ અને પ્રેમાળ હતા, સાંભળવા પ્રમાણે ધાર્મિક સખાવત પણ તેઓએ સારી કરી છે. એકંદરે પોતાના વડીલોની કીર્તિને વધારવા સાથે ઉજ્વળ કરી છે, અને પોતાના છાપખાનાના ધંધાને પણ ઉચ્ચ સ્થિતિએ મુકયો છે. **શેઠ તુકારામજી**ના સ્વર્ગવાસથી એક બાહોશ લોકપ્રિય નરરત્ન ગુમ થયેલ છે, જેને માટે અમો સંપૂર્ણ દીલગીર છીયે. છેવટે તેમના કનિષ્ઠબંધુ **શેઠ પાંડુરંગજી** કે જે બાહોશ, પ્રવીણ અને બુદ્ધિકુશળ નરરત્ન છે તેમના હાથમાં આ પ્રેસ અને કારખાનું મુકાયેલ છે તેમને તથા સ્વર્ગવાસી શેઠના ચી. **નારાયણરાવ**ને અમો દિલાસો આપવા સાથે તેઓ મર્હુમના પગલે ચાલી તેમના ગુણનું અનુકરણ કરી તેમની કીર્તિમાં વધારો કરશે એવી સૂચના સાથે સ્વર્ગવાસી શેઠ **તુકારામજી**ના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં ગ્રંથોદ્ધાર ખાતું.

## નીચેના સંસ્કૃત ગ્રંથો છાપવાનો નિર્ણય થયો છે.

૧ શ્રી કલ્પસૂત્ર–કીરણાવલી—શેઠ સ્વરૂપચંદ દોલતરામ માણસાવાળાની સહાયવડે.
૨ શ્રી અંતગડ દશાંગ સૂત્ર સટીક—ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોર બ્હેનની સહાય વડે.

---

# ભેટ.

## " શ્રીમદ્ દેવચંદ "
## ( ભાગ ૧ ).

જેમાં પંડિતશ્રી દેવચંદ્રજી કૃત આગમસાર, નયચક્રસાર, જ્ઞાનમંજરી ટીકા આદી ૧૧ ગ્રંથોનો સંગ્રહ છે. ડેમી આઠપેજી પૃષ્ટ ૧૦૭૫ પાકું પુંઠું. આ ગ્રંથ સારી હાલતમાં ચાલુ હોય એવાં જૈન પુસ્તકાલયો તથા જ્ઞાનભંડારોને વીજાપુરના શા. સુબચંદ સ્વરૂપચંદ તરફથી ભેટ આપવાનો છે અને તે પોષ્ટખર્ચ પુરતા વી૦ પી૦ થી મોકલવામાં આવશે. તો નીચે સહી કરનારને લખી મંગાવી લેવા વિનંતી છે.

ગ્રંથ ખરીદ કરનાર માટે કિંમત રૂા. ૨) પોષ્ટખર્ચ રૂા. ૦–૮–૦

**વકીલ મોહનલાલ હીમચંદ. મુ૦ પાદરા—( ગુજરાત ).**

---

# જોઇએ છીએ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સુકૃત ભંડાર ફંડ માટે જૈન ઉપદેશકો જોઇએ છીએ. પગાર લાયકાત મુજબ. મળો યા લખો—

પાયધુની, મુંબઇ–નં. ૩ }
**મણિલાલ સુરજમલ ઝવેરી.**
**સારાભાઇ મગનલાલ મોદી.**
ઓ. સેક્રેટરીઓ, સુ. ભં. ફં. કમિટિ

---

## પુસ્તક પહોચ.

**નીચેના પુસ્તકો અમોને ભેટ મળ્યા છે તે સાભાર સ્વીકારવામાં આવે છે.**

૧ શ્રી શાંતિનાથ ચરિત્રમ્. (બે કોપી) શ્રી શિહોરના સંઘ તરફથી.
૨ જૈન તત્વ પ્રદીપ. શ્રી શાહ અભેચંદ ભગવાનદાસ ભાવનગર.
૩ શ્રી રત્નાકર પચીશી. શેઠ ગીરધરલાલ આણંદજી ભાવનગર.
૪ શ્રી કાવીતિર્થ સ્તવનાદિ સંગ્રહ. શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાયબ્રેરી વડોદરા.

---

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ શેઠ બાલચંદજીભાઇ છાજેડ–ઇન્દોર પેટ્રન (મુરબ્બી)
૨ ઝવેરી ભોગીલાલભાઇ તારાચંદ–રે. અમદાવાદ. પે. વ. લાઇફ મેમ્બર.
૩ મહેતા અનોપચંદ કલ્યાણજી રે૦ વળા. બીજા વ. લાઇફ મેમ્બર.
૪ શ્રી રાણપુર જૈન લાયબ્રેરી રાણપુર. બી. વ. લાઇફ મેમ્બર.
૫ કપાશી મેઘજી ઝવેર રે૦ પાલીતાણા, હાલ ભાવનગર. પેલા વ. વા. મેમ્બર.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ગુર્જર ભાષાંતર ) **શ્રીભગવતી સૂત્ર.** ( પ્રથમગુચ્છ )

## કિંમત રૂા. ૨-૮-૦ ટપાલખર્ચ જુદું.

શ્રી જૈનધર્મનું ખરૂં જીવન સર્વજ્ઞ પ્રણીત સૂત્રો છે. આ ભારતવર્ષ ઉપર વિજયધ્વજ ફરકાવનાર આખા જૈન ધર્મની ઇમારત સૂત્રોના પાયા ઉપર જ રચાણી છે. ભગવાન્ શ્રી જિનપ્રભુની નીતિમય અને પવિત્ર આજ્ઞાઓ, ઉંડા રહસ્યો અને સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન જાણવાના મુખ્ય સાધન તેમના પવિત્ર સૂત્રોજ છે. ભગવાન્ શ્રી મહાવીરપ્રભુની વાણીની એક અક્ષર માત્રથી અનેક અમૂલ્ય શિક્ષાઓના પ્રવાહો એ સૂત્રોમાંથી છુટે છે. સાંપ્રતકાલે જૈનોના પીસ્તાલીશ આગમો કહેવાય તેની અંદર આ પાંચમાં અંગરૂપે **ભગવતી સૂત્ર**ની એક મહાન્ આગમ તરીકેની ગણના થાય છે. આ મહાન્ સૂત્રમાં સ્થળે સ્થળે ઉત્તમ તત્ત્વજ્ઞાન ધર્મોપદેશ અને અધ્યાત્મ વિદ્યાના મૂળ તત્ત્વોનું યથાર્થ પ્રતિપાદન કરેલું છે. મનુષ્ય જન્મમાં આવશ્ય, પ્રાપ્તવ્ય અને જ્ઞાતવ્ય શી વસ્તુ છે તેનો બોધ કરનાર આ એક સર્વોત્તમ ગ્રંથ ગણાયો છે. પૂર્વાચાર્યોના કેટલાએક લેખોમાં કહ્યું છે કે, શ્રી મહાવીરપ્રભુ અને ગૌતમસ્વામીના પ્રશ્નોત્તરરૂપે ગ્રંથિત કરેલા ભગવતીસૂત્રમાંથી કર્મપ્રકૃતિના સ્વરૂપ, તાત્ત્વિક સિદ્ધાંતો, આચારધર્મો અને વિવિધ રહસ્યના બોધો મળી શકે છે; તેથી આ મહાન્ ગ્રંથ સંસારસાગરથી તરવાને ઉત્તમ નૌકારૂપ, જૈન સંવેગી મહાત્માઓને વિશ્રાંતિને માટે માનસરોવરરૂપ, અખંડ આત્મિક આનંદનો અનુભવ કરવાને કલ્પવૃક્ષરૂપ અને અનાદિકાળના અજ્ઞાનરૂપ ગજેન્દ્રને દૂર કરવામાં કેસરીસિંહરૂપ કહેવાય છે. આ પ્રથમ શતકના પહેલા ઉદ્દેશમાં કર્મના ચલનનો વિષય આવે છે તેની અંદર તે વિષે નવ પ્રશ્નો કરવામાં આવ્યા છે. બીજો ઉદ્દેશ દુઃખ વિષયનો છે, જેમાં જીવે પોતે કરેલા દુઃખને વેદના સંબંધી પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્રીજો ઉદ્દેશ કાંક્ષા પ્રદેશનો છે; જેમાં જીવે કરેલાં કાંક્ષામોહનીય કર્મના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચોથો પ્રકૃતિનો ઉદ્દેશ છે; જેમાં કર્મની પ્રકૃતિ–ભેદના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. પાંચમો ઉદ્દેશ પૃથ્વી સંબંધી છે, જેમાં " પૃથ્વીઓ કેટલી છે ? " એ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. છઠ્ઠો યાવત્ ઉદ્દેશ છે, તેની અંદર કેટલા અવકાશને અંતરે સૂર્ય રહેલો છે, તે સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. સાતમા નૈરયિક ઉદ્દેશમાં નરકને વિષે ઉત્પન્ન થતાં નારકી સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. આઠમા બાલ નામના ઉદ્દેશમાં " મનુષ્ય એકાંત બાલક છે કે કેમ ?" એ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું છે. નવમા ગુરૂત્વના ઉદ્દેશમાં " જીવો કેવી રીતે ગુરૂત્વ–ભારેપણાને પામે છે ?" ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે અને દશમા ચલનાદિ ઉદ્દેશોમાં ચાલતું છે, તે અચલિત છે. ચાલતું નથી. ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**પુરૂષોત્તમ ગીગાભાઈ શાહ ભાવનગર.**

Registered No. B. 431

For Private And Personal Use Only